વર્ષ ૬ । અંક ૩૬ । જૂન ૨૦૧૯

# સંચયન

સાંપ્રત સાહિત્ય-વિચાર-જગતની ઝલક આપતું સામયિક

સંપાદક : રમણ સોની

Ekatra Foundation

એકત્ર ફાઉન્ડેશન
અધ્યક્ષ : સિતાંશુ યશશ્ચંદ્ર

મુદ્રિત સાહિત્યનું વીજાણુ સાહિત્યમાં રૂપાંતર અને વિસ્તાર ઝંખતી સંસ્થા

# સંચયન

પ્રારંભ: ઑગસ્ટ, 2013

**સંપાદક : રમણ સોની**

18 Hemdeep Society, O P Road, Vadodara • phone: 91-9228215275 • email ramansoni46@gmail.com

•

**પ્રકાશક : અતુલ રાવલ**

608 Poplar St., Durham, NC 27703 - USA, phone: 704-756-1325 • email : atulraval@ekatrafoundation.org

•

**તંત્ર-સંચાલક : રાજેશ મશરૂવાળા**

email : mashru@ekatrafoundation.org

- મુદ્રણ-અંકન (ટાઇપસેટ): મહેશ ચાવડા
- ડીઝાઇન અને નિર્માણ : અતુલ રાવલ
- લેઆઉટ - પરિકલ્પના : રમણ સોની

•

## અમારી વેબસાઈટ:

www.ekatrafoundation.org

https://ekatra.pressbooks.pub

આ વેબસાઈટપર અમારાં વી-પુસ્તકો તથા ‘સંચયન’નાં તમામ અંકો વાંચી શકાશે.

•

- વીજાણુ સામયિક ‘સંચયન’ દર બે માસે ફેબ્રુઆરી, એપ્રિલ, જૂન , ઓગસ્ટ, ઓક્ટોબર અને ડિસેમ્બરની છેલ્લી તારીખોમાં પ્રકાશિત થાય છે.
- ‘સંચયન’ માટેનાં લખાણોની પસંદગી સંપાદક દ્વારા, મુદ્રિત ગુજરાતી સામયિકો અને ગ્રંથોમાંથી જ કરવામાં આવે છે. એ રીતે એ વી-ડાયજેસ્ટ સામયિક છે. ઉપરાંત તેમાં પસંદ કરેલી કૃતિઓનું પઠન-ધ્વનિઅંકન તેમજ ચિત્રકળાકૃતિઓ પણ મૂકવામાં આવે છે.
- ‘સંચયન’માં પ્રકાશન માટે પસંદ કરેલી કૃતિઓના લેખકો – ચિત્રકારોની સંમતિ લેવામાં આવે છે.
- Navigation: અનુક્રમમાંના કોઇપણ લખાણ પર સીધા જ જવું હોય તો અનુક્રમમાંની તે વિગત પર ક્લીક કરશો.

# અ નુ ક્ર મ

## સંચયન ૩૬ - જૂન ૨૦૧૯


સંપાદકનું કથન / રમણ સોની

કવિતા / કાવ્યસપ્તક : નીરવ પટેલ

અંજલિ / નીરવ – વળી ઑર ઝળુઝળુ : સિતાંશુ યશશ્ચંદ્ર

વાર્તા / છેવાડાના બે જણ : નીતા જોશી

કવિતા / સમુદ્રકાવ્યો : રમણીક સોમેશ્વર

સંસ્મરણ / રાજકોટ : સૂચિ વ્યાસ

પ્રહસન / આદતસે મજબૂર : હરિકૃષ્ણ પાઠક

કવિતા / શીતાલાપ : શ્રીરામ કડિયા

ચરિત્ર / બા અને કહેવતો : પન્ના નાયક

લેખ / ત્યારે એથલેટિક્સે ક્રિકેટને પણ... : પી.ટી. ઉષા

ફોટોકલા-કૃતિઓ / ઘનશ્યામ સવાણી

એકત્ર-વૃત્ત... / ભૂંસાતાં ગ્રામચિત્રો : મણિલાલ હ. પટેલ

# સંપાદકનું કથન

આજકાલ આ તરફ વરસાદની તો વળી એ તરફ વિશ્વકપ ક્રિકેટની રમઝટ બોલી રહી છે ને આનંદની ઉત્તેજના વ્યાપી રહેલી છે. એની વચ્ચે, આને જીત્યા પણ હવે ઓલ્યે દિવસે શું થશે એવી દહેશતનો, તથા વરસીને રહી જાય વરસાદ ત્યારે સૂરજને ઘેરતાં ને છોડતાં વાદળાં નીચે, ઉનાળાની હાજરી પુરાવતો ગરમીનો ભારે ઉ-ક-ળા-ટ વેઠતો ચોકમાં હીંચકે બેઠો છું...

હીંચકો ચાલે છે ત્યારે વળી પરસેવા પર આછા પવનની લ્હેરખી ફરી વળે છે ને સુખાનુભવ આપે છે. એ સુખ, બેઠો છું ત્યાંથી ચારે તરફ નજર ફેરવે છે. આ સામે જ છે, હીંચકાનાં નળિયાં ઉપર કાળજી ધરીને ઊભેલો, કેરીની અવેજમાં લીલાશ આપતો ગોળમટોળ મારો ઘરઆંબો. ડાબી બાજુ, દસેક ડગલે, મારા રૂમની, આ બહારની તરફ સ્હેજ અધમીંચી આંખે ઊઘડેલી બારી મારી સાથે વાત કરવા તત્પર છે પણ મને હમણાં નવરાશ નથી. પૂરવ બાજુના ઊંચા પડોશમકાનની ટોચે, વાદળોમાંથી સ્હેજ છટકેલો સૂરજ હીંચકાની ઠેસ લેતા મારા પગના પડછાયાને વિશદ કરી રહ્યો છે. પાછળ, લંબાયેલી સોસાયટીનાં ઘરોના અગારા

પડોશીઓના વાતોચીતોના અવાજો આ ચાલતા
હીંચકાના કિચૂડાટ સાથે ભળવા મથે છે. અને
સામે, આંબાની પેલે પાર, મારા ઘરના ઝાંપાની
બહાર વહેતો રસ્તો છે. કવિ દલપતરામના મેદાનમાં
હરણાંબકરાંગાયઘેટાં ચરતાં હતાં એમ જ આ
રસ્તે ટેમ્પોકારરીક્ષાસ્કૂટર રવડે છે. એ સંચાર
અલબત્ત, ઓછો છે, ગીચ કે જનૂની વેગવાળો નથી.
બસ, આસપાસ આટલીક પ્રકૃતિ છે ને આવી
ઓછીઆછી સંસ્કૃતિ છે.

સાહિત્યકલાસમાજજીવનને બીજું શું જોઈએ?
બસ આવો મંદમંદ પણ એકધારો લય જોઈએ.
લયભંગ થાય ત્યારે જ સુખભંગ થાય છે. માટે
કરીને, આનંદીરહુઓએ લયભંગ ન થવા દેવો.
પવનની લ્હેરખી, જો હીંચકાની દ્રુતવિલંબિત ઠેસથી
પણ અસુખહરણ કરતી હોય, ને સુખનાં પલપલતાં
ચાંદરડાં ફરકાવતી રહેતી હોય તો અહીંથી ઊઠતાંકને
આગળ જવામાં સહેજ પણ દહેશામ નથી. હવે,
આનંદની ફતેહ છે આગે...

વરસાદ આવ્યાની વધામણી જ રે...

[illegible]

## વિશેષ વિનંતી

હજુ કેટલાંક મિત્રો પોતાની અપ્રગટ કૃતિઓ સંચયન માટે મોકલે છે, અને કોઈ સામયિકમાં પ્રગટ થઈ હોય એ પણ સંચયનમાં લેવાની ભલામણ સાથે મોકલે છે. સંચયન અને એના સંપાદક-પ્રકાશક માટેના સદ્ભાવ બદલ આભાર.

પરંતુ સૌ મિત્રોને વિનંતી કે આ સામયિક સં-ચયન(Digest) છે. એથી એમાં કૃતિ-પસંદગી, સંપાદક જ એની રુચિ-મતિ પ્રમાણે, પ્રકાશિત સમગ્ર સાહિત્યમાંથી કરી લે છે. તો, હવે આપ સામેથી કૃતિ ન મોકલશોજી – આપની ઉત્તમ કૃતિ અમારા ધ્યાનકેન્દ્રમાં આવી જ જશે.

– સંપાદક-પ્રકાશક, સંચયન

# કાવ્ય-સપ્તક


## નીરવ પટેલ

[દલિત કવિતાનો જ નહીં, વર્તમાન ગુજરાતી કવિતાનો પણ મહત્ત્વનો સ્વર એવા નીરવ પટેલ (જ. ૨, ડિસેમ્બર, ૧૯૫૦ – અવ. ૧૬ મે ૨૦૧૯) ચમારકામ કરતા પરિવારમાં અમદાવાદ પાસેના ભુવાલડી ગામે જનમ્યા હતા. ગરીબી અને અપમાન-ઉપેક્ષાભર્યા વાતાવરણમાં પણ એ ખંતથી ભણ્યા, અંગ્રેજી સાહિત્યમાં એમ.એ. અને પછી, બૅંકમાં નોકરી કરતાંકરતાં, નિવૃત્તિનાં થોડાંક વર્ષ પહેલાં Gujrati Dalit Poetry : ૧૯૭૮-૨૦૦૩ વિશે પીએચ.ડી. થયા.

કવિ અને દલિત-વિચારધારાના વિચારક તરીકે જાણીતા નીરવે ‘સ્વમાન ફાઉન્ડેશન ફૉર લિટરેચર’ની સ્થાપના કરેલી ને દલિત-શિક્ષણ આદિ પ્રવૃત્તિઓમાં વિનીતભાવે સક્રિય રહેલા.

‘બહિષ્કૃત ફૂલો’(૨૦૦૫) એમનો ગુજરાતી ભાષાનો એક ઉત્તમ કાવ્યસંગ્રહ છે. પીડા તેમજ આક્રોશ એમની કવિતામાં મુખરભાવે નહીં પણ સંકેતોને ગૂંથતી ધ્વન્યાત્મકતાથી અભિવ્યક્તિ પામ્યાં છે. એથી એમની કવિતામાં રચનાના સૌંદર્યની સાથે એમનાં સંવેદન-વિચારની પ્રભાવકતા પણ સ્પૃહણીય બની છે.

એમની કવિતાનું ફલક કેવું મોટું છે એનો ખ્યાલ અહીં રજૂ કરેલાં કાવ્યોમાં પણ જોઈ શકાશે.]




### ફૂલવાડો

ફરમાન હોય તો માથાભેર,
ફૂલોને કાંઈ બીજું કહીશું;
મહેક થોડી મરી જવાની છે?
અને આમને ફૂલ કહીશું;
ગંધ કાંઈ થોડી જવાની છે?

ગામ હોય ત્યાં ફૂલવાડો તો હોય.

આ ફૂલો સદીઓથી અંધકારમાં સબડતાં હતાં.
કદીક ચાંદની રાત મળે તો પોયણાંની જેમ પાંગરતાં,
કદીક રાતરાણીની જેમ છૂપાંછૂપાં સુવાસ રેલાવતાં,
કદીક લજામણીની જેમ મૂગાંમૂગાં રડતાં.

પણ આ સદીના સૂરજે સહેજ રહેમ નજર કરી
કે માંડ્યાં ટપોટપ ખીલવા.
રંગ તો એવા કાઢે કે પતંગિયાનેય પ્રેમમાં પાડે,
સુગંધ તો એવી છેડે કે મધમાખીય ડંખ ભૂલે,

બધે ફરી વળી છે આ વગડાઉ ફૂલોની ફોરમ :
સંસદમાં, સચિવાલયમાં, સ્કૂલો-કૉલેજમાં.
જાણે એમના ઉચ્છ્વાસથી જ છે
પ્રદૂષિત પર્યાવરણ બધું.

ગામ હોય ત્યાં ફૂલવાડો હોય
એ તો સમજ્યા,
પણ હવે ઝાઝો નહિ જીરવાય આ ફૂલફજેતો.

રાષ્ટ્રપતિના મોગલ ગાર્ડનમાં ભલે મહાલે આ ફૂલો
પણ આ ફૂલો નાથદ્વારામાં તો નહીં જ,
ગાંધીજીએ છો માથે ચઢાવ્યાં એમને.
કચડી કાઢો, મસળી કાઢો
આ અસ્પૃશ્ય ફૂલોને.

પણ ફૂલો વગર પૂજા કેમ કરશું?
મનોરથના હિંડોળા કેમ ભરશું?
ભદ્ર પેટદેવને કેમ રીઝવશું?

આ ફૂલોના પમરાટથી તો પુલકિત છે
આપણાં પાયખાનાં જેવાં જીવન.
આ તો પારિજાત છે પૃથ્વીનાં,
રેશમના કીડાની જેમ
ખૂબ જતનથી ઉછેરવો પડશે આ ફૂલવાડો
ગામેગામ ને શહેરશહેર.

એટલે સરકાર મા-બાપનું ફરમાન હોય તો માથાભેર –
ફૂલોને કાંઈ બીજું કહીશું;
મહેક થોડી મરી જવાની છે?
અને આમને ફૂલો કહીશું;
ગંધ કાંઈ થોડી જવાની છે?

ગામ હોય ત્યાં ફૂલવાડો તો હોય.

## હું ન ડોશી

### (૧)

હાળા, ચાલી-પચ્ચા વરહથી બખાળા કર સ
પણ કશો ભલીવાર લાવતા નથી એમનાં કાંમમ.
બે-પાંચ વરહ થયાં નથી
ક આ આયા મત માગવા!
માળી, કશી ગતાગમ પડતી નથી –
આટઆટલા મત જાય સ ચ્યાં?

કે'સ ક આ વખતે તો વાલો નાંમેરી ઊભા સ...
હૌ કે'સ માંણહ હારો સ.
કે'વાય સ ક ભલો આદમી બાબાસાયેબના વખતથી
ગરીબ-ગુરબાંનાં કાંમ કર સ...
પણ આ રાખ્ખશોમાં બાપડાનું હું ગજું?
બોલ ડોશી, ચ્યમ કરવું સ આ ફેર?

તમે તો જનમના ભોળિયા, ડોહા –
વૈતરાં કૂટી ખૉવ.
હાંભર્યું સ માથાદીઠ દહ મલ સ?
અન ગાંઠિયાનું પડીકું સોગામ.
મોટર મેલી જાય ન લૈ જાય
ઘૈડે-ઘૈડપણ જીવી લૉ બે ઘડી –
પોટલી પાંણી પીવું હોય તો પી લૉ.
વાલા નાંમેરીનું ભગવાંન ભલું કર –
પણ મત તો મનુભૈન.
જૉવ, જૈ ન ભાવતાલ કરી આવોં,
કે'જો ક બૅ સ :
હું ન ડોશી.

## (૨)

ભૈં હાંભર્યું સ ક એ તો માથાદીઠ દહ આલ સ
તમાર બાર આલવા હોય તો
બે સ :
હું ન ડોશી...
ઝાઝાં નથી,
બે દ્હાડીનાં મૂલ સ.
અમાર બે ઘડી વિહાંમો વૈતરાંમાંથી.
બાચી અમે તો આ હેંડ્યાં હાડકાં વેણવા,
મગો મે'તર કોથળે પાંચ આલ સ.
હાંજ પડ રોટલા ભેળા થ્યા
એટલ ભયો ભયો

ભૈ તમન હોંપ્યાં રાજ ન પાટ
અમાર તો ભલો અમારો રઝળપાટ.
કો', દહાડો ચઢ સ
ન ડોશી ખોટી થાય સ...
પાપમાં પડવાનું સ
પણ બોલ્યું પાળવાનું સ.
એટલ મત તો પાકો મનુભૈન.
બોલો, આલવા સ માથાદીઠ બાર?
બે સ :
હું ન ડોશી.

## મારો શામળિયો

મારા શામળિયે મારી હૂંડી પૂરી –
નીકર,
ગગલીનું આણું શેં નેકળત?
ચાવંડાની બાધા ફળી
ને જવાનજોધ ગરાહણી ફાટી પડી...
એની ઠાઠડીએ ઓઢાડ્યું રાતું ગવન!
રાતીચોળ ચેહ બળે
ને આકડાના છોડે રાતું ગવન લહેરાય!
ગગલીની મા તો
જે મલકાય, જે મલકાય, મારી હાહુ...
બસ ડાઘુઓની પૂંઠ ફરે કે
ધોંડુ હડ્ડ મસાણે –
મારા ભંગિયાનોય બેલી ભગવાન!

## અમે અલ્ટ્રા-ફૅશનેબલ લોકો

અમે ખૂબ વરણાગિયા જાતિના લોકો છીએ –
અમારા વડવા તો
ત્રણ બાંયનું ખમીસ પહેરતા હતા.
એમના વડવાના વડવા તો
કફનને જ કામળીની જેમ અંગે વીંટાળતા હતા.
એમના વડવાના વડવા તો
નરી ચામડીને જ ઓઢીને ફરતા હતા.
હું ય કાંઈ ઓછો વરણાગિયો નથી –
સી. જી. રોડના શો રૂમ સામેથી ફૂટપાથ વાળતો હતો
ને શેઠે આપ્યું
કાંઠલા વગરનું, બટન વગરનું, બાંય વગરનું એક બાંડિયું.
તે સલમાન ખાનની જેમ છાતી કાઢીને ફરું છું
ને સંજય દત્તની જેમ બાવડાં બતાવું છું સવર્ણાઓને.
જાતવાન જુવાનિયા તો
મારા લિબાસનું લેબલ જોવા અધીરા થઈ ઊઠે છે.
બિચ્ચારા...
મારી અસ્પૃશ્ય બોચીને અડક્યા વિના કેમ કરી ઓળખે
કે આ તો ઑડ-સાઇઝનું પીટર ઇંગ્લૅન્ડ છે!
અમે તો ખૂબ વરણાગિયા કોમ છીએ.

## ગાંડગુલામી

હા, બાપ અમે તો વહવાયાં...
આમ તો એક હેડીના
પણ કાંઈ પટેલના પેંગડામાં પગ ઘલાય?
કે બાપુની ભેંસને ડોબું કહેવાય?
બૈરી, છોકરાં, ગધેડાં, ચાકડો, નીંભાડો –
બધાં અમારે તો વાડમાં પડ્યાં ઊછરે,
દા'ડીદપાડી, ઉછીઉધારાં,
કેડની કમાણી કે બાવડાંની બરકત
કલાડી-કોડિયાં કે ચરવો-ચપણિયાં –
બસ, એમ પેટવડિયે થાય તીસ દી'નો ગુજારો.
ના ધનારખ ના મિનારખ,
ના અણોજો ના આતવાર..
બસ ઊંબેળ્યું, ઊપણ્યું કે ઓઘલ્યું
ને એમ આંતરડે વળી ગાંઠ્યો
ને કાંસકી થઈ ગઈ પાંસળીઓ,
તો ય વરસૂંદમાં તો બળ્યો ઝૂંઝો ને સલો?
'લ્યા ભઈ, મેં તે શી ગધાડી ઝાલી
કે આ જન્મારાની ગાંડગુલામી?''

## હૉર્મોન્સ

હું તો મારા બાપનો દીકરો છું –
તો પછી મારી નસોમાં દીપડાનું લોહી કેમ ઘૂરકે છે?
હું તો મારી માનો દીકરો છું –
કોઈએ એની કૂખ પર લાત મારતાં
લોહીના ખાબોચિયામાં હું ઢેખાળાંની જેમ
ડફ દઈને તો જન્મ્યો હતો!
લોકો તો કહે છે
એ અનાથ માંસના લોચાને
અગ્નિના કણ માનીને
આંબેડકર ઋષિના આશ્રમે ઉછેરવામાં આવ્યો હતો.
લોકવાયકા તો એમ પણ છે
કે માર્ટિન લ્યૂથર કિંગ નામના
એક શ્વેત આત્માના હૉર્મોન્સ
એના રક્તમાં ‘સામાજિક પ્રયોગ’ રૂપે ચઢાવ્યા હતા!
એ બધું તો ઠીક,
પણ હું તો મારા દાદાનો દીકરો છું –
મારી સાળના કાંઠલામાં જીવતો બૉંબ લઈને
હું આ શી રમતે ચઢ્યો છું?
અરે, મારું ઝૂંપડું સળગી જશે
કે કોઈ પાડોશી દાઝી જશે તો?
તો પછી મારી રગોમાં કેવું લોહી દોડે છે?
બિચારો મારો બાપ તો મસાણિયો –
એણે બહુ મડદાં બાળ્યાં’તાં.
હું મારા બાપનો દીકરો છું –
એટલે શું મારે જીવતાં મનેખ બા... ળ... વા... નાં...?

## ‘ભવની ભવાઈ’ના પ્રિમીઅરમાં

આ તો ભવની ભવૈ
જરા જોતા જજો ભૈ
જરા લાગે જો નવૈ
તોયે જોતા જજો ભૈ... ભલો ભલો થા... થૈયા!

હું તો તરગાળાનો છોરો મારા ભૈ
હું તો મેઘવાળનો માણસ મારા ભૈ
મને પેમિયરમાં ચ્યાં તેડ્યો મારા ભૈ
કેતન ભૈ, મારી તો કેમત કાંણી પૈ... ભલો ભલો થા...
થૈયા!

મંશીભૈ જાંની હું તો મૂંઝાયો મારા ભૈ
મૌનભૈ બલોલી હું તો ગંધાયો મારા ભૈ
આ તો બળી ગંધ વહેતી થૈ
માળી આ તો ગંધ છતી થૈ... ભલો ભલો થા... થૈયા!

મૈ દૂંટીએ ચોપડ્યું થૂંક
તોયે બંધ થૈ ના ચૂંક
ને એક ગંધ છૂટી ગૈ
કે એક ગંધ છતી થૈ... ભલો ભલો થા... થૈયા!

ના ભૂંગળો યે વાગી પાં... પાં... પાં...
ના પિપૂડી યે વાગી પીં... પીં... પીં...
તો યે ભૈ વાત વહેતી થૈ
કે ગોબરી ગંધ છતી થૈ... ભલો ભલો થા... થૈયા!

ભૈ રાંડ, ગાંડ ને ઘેલી
ના જુએ તડકો કે હેલી
હાળી થવાની હતી એ થૈ
કે એક ગંધ વહેતી થૈ... ભલો ભલો થા... થૈયા!

રંગલી, જરા જો તો મારી બૈ
આ સીટમાં એક પરી જાગી જૈ
આખા અંતરની શીશી ખાલી થૈ
તોયે હજી ગંધ બંધ ના થૈ... ભલો ભલો થા... થૈયા!

કે ફાળકો યે માથે નૈ
કે કુલડીયે કોટે નૈ
કે ઝૈડુયે કેડે નૈ
તોયે જીવા મારી જાત છતી થૈ... ભલો ભલો
થા... થૈયા!

ને તાડૂક્યો એક ઍ. ઍ. ઈમનો પોફેસર ભૈ :
લીટા હેઠળ ખોળતો'તો ગરીબૈ ભૈ ગરીબૈ
પેમિયરમાંય આવાં પાજી! થૂ... થૂ... વૈ વૈ
પિટ્ટ ક્લાસ ભૈ, શિટ્ટ ક્લાસ ભૈ... વૈ વૈ... ભલો ભલો
થા... થૈયા!

રંગલી, આગળ તારો બાપ બેઠો પરધાંન –
એણે ફોડી ટચાકલી ને થૈ ટીંગાટોળી
ને થૈ ટીંગાટોળી કે થૈ ટીખળટોળી
સપૈડે એક ધોલ ધરી, બે ધોલ ધરી ભૈ... ભલો ભલો
થા... થૈયા!

હું તો તરગાળાનો છોરો મારા ભૈ
ન'તો કે'તો નથી હું કૈ કલાકાર ભૈ
બબા નાયકના ટોળાનો ભૈ તરગાળો ભૈ
વિજાણંદની શેણી ભૈ, હું હોથલની પદમણી... ભલો
ભલો થા... થૈયા!

કચ્ચકડાની ફિલ્લમ ભૈ ને કચ્ચકડાનાં દુઃખ ભૈ
અહીં તો ખરાખરીના ખેલ ભૈ, મરજીવાના ખેલ ભૈ
બત્રી લખણે બે ખાવાની, ચોત્રી લખણે ચાર ભૈ
તમ્મારી તો કલ્લા ભૈ, અમ્મારી ભવે ભૈ.. ભલો ભલો
થા... થૈયા!

*[બધાં કાવ્યો 'બહિષ્કૃત ફૂલો', નીરવ પટેલ(૨૦૦૫)માંથી]*

અંજલિ

# નીરવ પટેલ : વળી ઑર ઝળુહળુ

સિતાંશુ યશશ્ચન્દ્ર

દલિત કવિતાનો, ગુજરાતી કવિતાનો, ભારતીય કવિતાનો એક બળકટ અને મર્મીલો સ્વર આજે આમ અકાળે શાંત થઈ ગયો, નીરવ પટેલે વહેલી વહેલી વિદાય લીધી. એ કવિની ગુંજતી નીરવ-તાને આપણે સહુ કાન દઈને સાંભળતા હતા. પણ આ અકાળ મૌન?

○

એક દલિત કવિ જ પોતાના સમાજની પીડા અનુભવીને જે સવાલ પૂછી શકે, એ સવાલ નીરવે ‘બહિષ્કૃત ફૂલો’-ના પહેલા જ કાવ્યમાં પૂછ્યો હતો : ‘અરે મને તો દહેશત છે/મારી ચિતા સાથે પણ નહીં મરે મારું નામ?’ ૧૯૭૮માં નીરવની કવિતા ‘તોડફોડ’ સામયિકમાં છપાઈ, ‘બહિષ્કૃત ફૂલો’-નું પ્રકાશન ૨૦૦૫માં થયું. ત્યારથી આજ ૨૦૧૯ સુધીમાં તો એવું કવિકામ નીરવ કરી ગયા છે કે આજ સવારે સમય કરતાં બહુ વહેલી સળગેલી એમની ચિતા સાથે આ દલિત અને ઉત્તમ કવિ નીરવ પટેલનું નામ નહીં સળગી જાય, એવો વાચકને વિશ્વાસ છે. ભાસના ‘સ્વપ્નવાસવદત્તા’ નાટક માટે ‘દાહકોડભૂન્ન પાવકઃ’ એમ કહેવાયું હતું. નીરવની કવિતાએ દલિત સમાજનાં દુઃસ્વપ્નોને અને સહુ કોઈનાં સપનાંઓને કવિતાની બાનીમાં એ જ બોલાવી શકે એ રીતે બોલતાં કરી દીધાં છે. ૨૫ જાન્યુઆરી, ૧૯૮૬-ના પીડાના પૂર જેવા જેતલપુર કાંડમાં ભુંજાયા પછી પણ એ નિર્ભય-સદય નીરવ કવિ કહી શકે છે : ‘તેઓ જ્યારે જાણતા થશે/ત્યારે વસંત-રજબની વિશાળ ને વિરલ મૈત્રી જેવા/આપણા સ્નેહનું સ્મારક રચાશે.’ થશે, રચાશે, નીરવ.

○



પણ નીરવનો પેલો કવિ-પ્રશ્ન, દલિત-પ્રશ્ન ફરી સાંભળીએ : ‘અરે મને તો દહેશત છે/મારી ચિતા સાથે પણ નહીં મરે મારું નામ?’ દલિત ઓળખનો સવાલ આટલી ધારદાર રીતે ભારતીય કવિતામાં પણ ઓછો પુછાયો હશે. અહીં ‘દહેશત’ શબ્દ ચૂકવા જેવો નથી. એ શબ્દ આ જગ્યાએ કેટલું બધું કહી જાય છે. મારા મર્યા પછીયે તમે મારો તિરસ્કાર કરશો, અપનાવી નહીં શકો, એવી દહેશત છે. ‘દલિત’ તરીકેની તમે મને પધરાવેલી ઓળખ આડે ‘માણસ’ તરીકેની મૂળ ઓળખને તમે દેખીયે નહીં શકો અને દેખાવાયે નહીં દો, એ વાત આ ‘દહેશત’ શબ્દ સૂચવી

જાય છે. માણસની અંદરથી નીપજેલી એની સ્વકીય ઓળખને જૂઠી ઠેરવતી એ 'પર-પહેચાણ' કેવી જુલ્મી હોય, એ તો જેણે વેઠ્યું હોય તે જાણે.

દલિત તરીકેની પિછાણ દલિત વ્યક્તિ અને દલિત સમાજની માણસ તરીકેની મૂળભૂત ઓળખને પ્રગટ કરે, ખીલવે અને દઢાવે, ત્યારે એમને એ અલબત્ત પ્યારી છે. 'હા, હું દલિત છું,' એમ એ ખોંખારીને કહે. પણ દલિત તરીકેની પિછાણ, કોઈ પણ બીજા માણસ જેવા એક માણસ તરીકેની એની ઓળખાણને ઢાંકતી, ભૂંસતી આવે, ત્યારે એ અકારી છે. પ્યારી અને અકારી, બન્ને જે છે એ ઓળખને નીરવ બરોબર પિછાણે છે, એ પિછાણને એ બરોબર ઓળખે છે. એટલે 'દહેશત'.

o

જ્યારે નીરવ પટેલની કવિતાસૃષ્ટિને સમગ્રપણે જોઈએ ત્યારે સમજાય કે દલિત ઓળખનો સવાલ નીરવ માત્ર ધારદાર રીતે જ નહીં, એ સવાલની અનેક પરતોને કાળજીથી અને કુશળતાથી, કોઈ ભૂસ્તરવિદ્યાવિદ કે વનસ્પતિવિદ્યાવિદ (જીઓલૉજિસ્ટ કે બૉટનિસ્ટ) માફક, ઉઘાડી આપવાની રીતે કરી શકે છે. ખોલી આપે છે પોતાની સર્જકતાના સૂક્ષ્મદર્શકયંત્ર નીચે મૂકી જુએ-દેખાડે છે.

આ સંદર્ભે નીરવનું 'અરણ્યરુદન' કાવ્ય સમજવા-માણવા જેવું છે. શીર્ષક પોતે જ આ અનોખા કવિની બેવડી એકલતાનું સૂચન કરે છે. 'ઠેકડા મારતાં, ખિસકોલીઓનાં બચ્ચાં જેવાં/ આપણા શિશુઓ પર [જેઓ] ડાઘિયા કૂતરાની જેમ તૂટી પડે છે,' એવા વર્ણવ્યવસ્થાના શાસકો 'વાડામાં પૂરેલાં ઘેટાંને જેમ, આપણને' એક હીણી ઓળખના ખાનામાં બંધ કરે છે. પછી નીરવ ઉમેરે છે કે એ અત્યાચારીઓ આપણને 'ટાપુ જેવા તરાપા પર ધકેલી/તેઓ આપણાં સઘળાં લંગર કાપી નાખે છે – /ને આપણે જોજનો દૂર ધકેલાઈ જઈએ છીએ સંસ્કૃતિથી.'

બે કલ્પનો કવિએ યોજ્યાં : વાડો અને તરાપો. કવિ એ વડે શું સૂચવે છે? દલિત વ્યક્તિ અને દલિત સમાજની એકલતા, આભડછેટે અને અત્યાચારોએ નિપજાવેલું સદીઓનું અળગાપણું એ આ કવિને આજે કેવું જણાય છે? 'વાડો' સહેલાઈથી સમજાય એવું કલ્પન છે : દલિત હોવું, એ વાડામાં ઘેટાંની જેમ પુરાવા જેવું લાગે છે. વાડામાં પુરાયા તો કેદ, બહાર કઢાયા તો કતલખાનું.

'તરાપો' એટલું સરળ કલ્પન નથી. જેનાં લંગર કાપી નખાયાં છે, એવો કોઈ તરાપો (એ તરાપા પર બેસાડી ધકેલી દેવાયેલા લોકો) જે અનુભવે, એ એમને પોતાને કેવું લાગે? જે તરાપો પોતાના બંદર-બારાથી દૂર ધકેલાઈ દેવાયો હોય, જોખમી અને પીડાકારી અજાણ્યાં પાણી વચ્ચે ફંગોળાતો હોય, એ ચાહતો હોય કે ફરી લંગર નાખી શકે પોતાની ભૂમિ પર, સ્વાધિકારે. એ સ્વાધિકાર એટલે 'દલિત અધિકાર'. તરાપાને પોતાનં લંગરો વડે પાછો બંદર-બારે લાંગરવાનો અધિકાર.

વાડાની અંદર કેદખાનું છે અને બહાર કતલખાનું. પણ તરાપાની આસપાસ ભલે આજે તોફાની દરિયો ઘૂરકે છે પણ એ તરાપાને પોતાનું સહુ સાથેનું એક સહિયારું બંદર-બારુંયે છે. આ વાત 'અરણ્યરુદન' જેવી ભલે લાગે, પણ નીરવ એ વાત કવિતામાં બેધડક (બલ્કે ભય તેમ જ આશાથી ધડકતા હૃદયે) કરે છે અને ઉમેરે છે : 'ધિક્કારના ધક્કે કોણ ડૂબી જાય છે?' કેવો આત્મવિશ્વાસ, કવિનો! અને કેવું કાવ્યનું ઉક્તિસૌંદર્ય!

એ કાવ્યનો ઉત્તરાર્ધ એક વળાંક લઈને આગળ વધે છે. કવિની કલમને પ્રતિહિંસાને માર્ગે અગ્રસર થવાનું એલાન આપે છે. 'ગમે તેટલી કુશળતાથી ફેરવો પણ પેન બહુ બહુ તો/ કાગળ પર વેદનાનું એક કાવ્ય જ રચી શકે છે.' એમ ન કરતાં એ પેનને એક શસ્ત્ર બનાવી શકાય : 'પણ એ જ પેનની નીબ/ કોઈની પણ ચામડીમાં ભોંકાય/ તો સાક્ષાત્ વેદનાનો અનુભવ કરાવી શકે છે.' 'ઘચ્ચ દઈને ઘોંચી દો તમારી સળિયા જેવી

આંગળી/ ને જુઓ આરપાર થઈ જાય છે રસ્તો.' રચનાને અંતે કવિ લખે છે : 'હવે અરણ્યરુદનને અલવિદા કહો.'

○

વડોદરાના મરાઠી વાઙ્મય મંડળના એક કાર્યક્રમમાં સુર્વેનું કાવ્યવાચન-પ્રવચન હતું, મારે અધ્યક્ષતા કરવાની હતી. મંચ પરથી એમને (નવજાત ત્યજાયેલા બાળક તરીકે જે એમના શ્રમજીવી પાલક માબાપને મળી આવેલા, એ સુર્વેને) પૂછેલું કે અનેક થરોમાં વહેંચાયેલા ભારતીય સમાજમાં જે 'દલિત' ન હોય એવા કેટલા? આત્મપીડારત લાગે એવા આપણા વિરાટ પણ સદીઓથી રુગ્ણ સમાજમાં, સાચે જ, કેવી અનેક થરની એક અફાટ ઘંટી ઘરઘર ઊલટાસૂલટી અનેક હાથાઓની અનેક ખૂંટાઓ પર કારમી ઘૂમ્યા કરે છે!

નીરવ, ઢસાળ, સુર્વે જેવા કવિઓની કવિતા આપણા સમાજની અનેકાનેક દલિતતાઓની વેદનાની, એણે કરેલા પ્રતિકારની કવિતા બની શકી છે.

○

પણ આજના આ દિવસે ૧૬મી મે'ની સવાર બપોરે, નીરવ-તા વિનાનું આ મૌન અકારું લાગે છે. હજી બસ પાંચ દિવસ પહેલાં જ નીરવને ઘેર, અમદાવાદમાં, એમના પરિવાર સાથે કવિને મળવાનું થયું. ત્યારે એમની વિદાય લેતી કાયામાંથી ઝળાંહળાં થતાં ભીતરી ચેતનાનાં અજવાળાંથી અમારી (મારી અને મિત્રકવિ રાજેન્દ્ર પટેલની) આંખો સભર થઈ હતી. આ ૧૧મી મેની એ સવારની (હવે તો કાળજયી બનેલી) એ ઘડીઓ કવિ સાથે, એમના કુટુંબ સાથે ગાળવા મળી. આવી રહેલા અવસાનનાં ચિહ્ન એમના શરીર પર હતાં. આંખો બંધ કરીને કવિ સૂતો હતો. અન્ન કેટલાયે દિવસોથી લઈ શકતા નહોતા, પાણી પણ થોડી ચમચીએ ચમચીએ. એમના દીકરાએ કહ્યું કે અમે આવ્યા છીએ, ને નીરવના ચહેરા ઉપર સાવ એ જ પળે જે અનાયાસ સ્મિત ઊભરાયું, એમણે ઉઘાડેલી તેજભરી આંખોમાં જે હેત છલકાયું, એ રાજેન્દ્રનું ને મારું હવે તો મોંઘેરું સંભારણું બની ગયું. પણ એ દિવસે તો મારા મનમાં એક જ પંક્તિ ઊભરાઈ આવી હતી : ઇન માય ઍન્ડ ઇઝ માય બિગિનિંગ.

કારણ કે ભલે કવિ એલિયટ એ પંક્તિ લખી ગયા, પણ કવિ નીરવે એ પંક્તિ એ અઘરી પળે સાવ સહજપણે જીવી બતાડી. કઈ રીતે, એ જોઈએ.


પછી અમે વાતોએ વળગ્યા! આગલે દિવસે આપણા બીજા બે મુંબઈગરા કવિમિત્રો, પ્રો. સેજલ શાહ અને શ્રી હેમન્ત શાહ, નીરવભાઈને મળેલાં, એનું સ્મરણ નીરવે અને પરિવારે હેતથી કહ્યું. નીરવ બોલી શકતા નહોતા પણ એમણે એક નાનકડી નોંધપોથી રાખી હતી, ને એક પેન. એમ સાંભળી-વાંચીને આગળ વધતી અમારી ગોઠડી તો કોઈ મેલિગ્નન્સી કદાપિ જ્યાં પહોંચી ન શકે એવા, નર્યા નિરામય દેશપ્રદેશે રમતી ચાલે ક્યાંની ક્યાં ચાલી!

નામદેવ ઢસાળને યાદ કર્યા, દયા પવારને, સુર્વેને. નીરવની કવિતાના ચાહનારાઓ આખા દેશમાં છે, એ મારા સ્વાનુભવની વાત એમને કરી. જવાબમાં કવિએ પોતાની એ અંતિમ નોંધપોથી પોતાના હાથમાં લીધી, મજબૂત પંજામાં પેન પકડી, લખ્યું ને અમને વાંચવા આપ્યું. લેતાં લેતાં રાજેન્દ્રને અને મને થયું કે શું હશે એ લખાણ? વાંચ્યું ત્યારે એ સવાલનો જે જવાબ મળ્યો, એ અવિસ્મરણીય હતો.

એ અજોડ કવિ, નીરવ, પોતાની વાત નહોતો કરતો, એ તો મનોમન પાછો પહોંચ્યો હતો દૂર ઈશાન દેશમાં, દેશના ઉત્તરપૂર્વી રાજ્ય મણિપુરમાં. જાણે દિલ્લીની સાહિત્ય અકાદેમીના કોઈ કાર્યક્રમનો વરસો જૂનો

કોઈ ભારતીય કવિમિલનનો અમારો સહિયારો અનુભવ તાજો કરતા હોય, એમ એમણે એ નોટમાં અક્ષર પાડેલા. મણિપુરની કવયિત્રીઓ વિશે લખેલું. ના, કોઈ નૃત્યાંગના-કવયિત્રી વિશે નહીં, મણિપુરની મહેનતકશ કવયિત્રીઓ વિશે. સ્ત્રીઓ સમય મળ્યે કવિતા લખે અને સવાર-બપોર-સાંજ શાકભાજી અને બીજો પરચૂરણ માલસામાન લઈ, પોતાના પરિવારને ટકાવવા માટે, ગામના બજારમાં નાનો વેપાર ચલાવે. એની વાત નીરવને યાદ આવેલી. એમને માટે નીરવે ચાલતી કલમે એક અનોખો સંસ્કૃતમૂલક શબ્દ નિપજાવેલો : 'વ્યાપારિકાઓ'! એટલે કે મણિપુરના નારીપ્રધાન સમાજમાં કુટુંબનો વેપાર, વ્યવસાય, સંભાળતી નારીઓ, જે મણિપુરી ભાષાની અગ્રણી કવયિત્રીઓ પણ છે. એ મહેનતકશ મણિપુરી કવયિત્રીઓ વિશે કવિ નીરવ પટેલ, આ ૧૧મી મે'ની સવારે વાત કરતા હતા. ૧૬મીની સવાર પડે એ પહેલાં એ ગયા.

નીરવના હસ્તાક્ષરમાં લખાયેલી એ વાત, એમની અંતિમ અને અનુપમ કવિતા, મારી પાસે જળવાઈ છે (પાસે અને ભીતર) એ આ :


મણિપુરની
કવયિત્રીઓ
આમ તો
વ્યાપારિકાઓ
પણ ખરી?
સાંજુકનો સંકેલો
લે
એટલે વળી ઓર
ઝળુહળુ.

'મણિપુરની કવયિત્રીઓ
 વ્યાપારિકાઓ પણ ખરી?
 સાંજુકનો સંકેલો લે
 એટલે વળી ઓર ઝળુહળુ.'

– કવિ નીરવ પટેલ, તમેયે ભારતભરમાં 'ઓર ઝળુહળુ', આજેયે છો અને આવતી કાલે પણ તમારી કવિતાથી હશો. અલબત્ત! પણ ભાઈ, આમ 'સાંજુકનો સંકેલો' આટલો વહેલો.

નહોતો કરવો...

*(પરબ, જૂન ૨૦૧૯)*

# ફોટોકલા-કૃતિઓ



## ઘનશ્યામ સવાણી




ઘનશ્યામ સવાણી(જ. ઉમરાળા, ભાવનગર,૧૯૭૩) : નવસારીની ઍગ્રીકલ્ચર યુનિવર્સિટીમાં અંગ્રેજીના અધ્યાપક છે અને રુચિ, આંતરસૂઝ અને આવશ્યક તાલીમે કરીને તસવીરકલાકાર છે. ત્યાં યુનિવર્સિટીમાં ચાલતા તસવીરકલા-તાલીમના વર્ગોમાં પણ પ્રો. સવાણી શીખવે છે. એમનાં વિવિધ આલ્બમોમાંથી એમનાં કેટલાંક ફોટો-પ્રદર્શનો પણ યોજાયાં છે.

નિસર્ગનાં દૃશ્યો-પદાર્થોમાં એમની કળાકારનજર કોઈ ઇચ્છિત-કલ્પિત વિશિષ્ટ વિષય-વસ્તુ ખોળે છે ને પછી તાલીમી કૌશલથીએ એમાંથી નવીન રચના સરજે-નીપજાવે છે, ને એને સૂચક-સુંદર શીર્ષક આપે છે.

**“ફોટોગ્રાફર માત્ર કેમેરાનો જ નિષ્ણાત નથી, બલકે તે જીવનને અલગ દૃષ્ટિથી એક નવા પરિપ્રેક્ષ્યથી અને નવા પરિમાણથી જોવાની સૂઝ અને સજ્જતા ધરાવતો સંવેદનશીલ કલાકાર હોય છે.”** – *ઘનશ્યામ સવાણી*



*monsoon wedding - ring of love...*

# છેવાડાના બે જણ

નીતા જોશી

માસ્તરને આમ રઘવાટમાં આવતા જોઈ નાથાએ ધૂંધળી થઈ ગયેલી આંખોને ખભ્ભા ઉપરના પનિયાથી લૂછીને સાફ કરી. ચશ્માંની દોરી કાનમાં ભરાવી આંખ ઉપર હાથનું નેજવું કરી પાક્કું કરી લીધું કે આ આવે છે એ માસ્તર જ છે. રોજ સાંજના સમયે કાળી બંડી અને ગળે મફલર વીંટાળી હળવે હળવે સ્ટેશન સુધી ચાલવા જતા હોય એના બદલે તડકો ચડી ગયો એવા સમયે ઉતાવળી ચાલે એના તરફ આવતા જોઈ નાથાને નવાઈ લાગી. એણે પવન ન ભરાઈ જાય એટલે કાનમાં ભરાવેલાં રૂનાં પૂમડાં કાઢી પહેરણના ખિસ્સામાં ખોસ્યા, બીડીના તણખા ઓટલાને ધારે ખેર્યા, જરાક ઝગારા મારતું ઠૂંઠું દબાવી ઠાર્યું, હાથથી ધુમાડા વિખેરી બળ કરી ઊભો થયો.

‘આવા ટાણે આણીપા કેમના માસ્તર?’

‘આજે તારું કામ પડ્યું એટલે તારે ત્યાં.’

‘મારું કામ!’ એણે નવાઈ સાથે લકવાવાળો જમણો હાથ ડાબા હાથ સાથે ભેગો કરી માસ્તરને હાથ જોડ્યા પછી કહે, ‘બોલોને બાપા હું કામ પઈડું?’

નાથાનો દેહ ધ્રૂજતો હતો. એ બાપા સીતારામના ઓટલાની ધાર પકડી બેસી ગયો. માસ્તરને પણ ઝડપથી ચાલવાના કારણે હાંફ ચડી હતી. એ પણ નાથાની બાજુમાં ઓટલે બેસી ગયા. નાથાએ માસ્તરને પાસે બેસતા જોઈ ઊભા થવા જોર કર્યું એટલે માસ્તરે એનો રોક્યો, ‘બેસ નાથા, હવે ક્યાં બેયને ઝાઝું જોવું છે? થોડુંક પાસે બેસી લઈએ, કોને ખબર કોણ પેલું જશે? છેવાડાના આપણે બે જ જણ બચ્યા છીએ.’

‘માસ્તર સમૈ ભારે બદલાય ગ્યો, માણસ બદલાઈ ગ્યા, આ પરવશતા ભારે ભૂંડી. કોઈ બે વેણ હાંભળવા તૈયાર નથી.’

માસ્તરે એક નજર વાસમાંથી આવાસ બનેલાં મકાનો પર નાંખી. ક્યાંય કોઈ જુવાનિયા દેખાયા નહીં. એક-બે ઘરોમાં જોરજોરથી ગાયનો વાગતાં હતાં. એના તાલે લબરમૂછિયા નાચતા હતા અને આંગણામાં બે-ત્રણ ટાબરિયાં છાલિયામાં બિસ્કિટ-મમરા ખાતાં હતાં.

‘નાથા કોઈ ઉપાડવાવાળું આવે એમ છે?’ માસ્તરે ધીમા અવાજે નાથાને પૂછ્યું.

નાથાએ મૂંઝાઈને માથું ખંજવાળ્યું પછી વાસમાં એક નજર નાખી. કોઈ દેખાયું નહીં એટલે બોલ્યો, 'માવજી હમણાં આવવોઝ ઝોયે, આવે એટલે પૂસી લઉં, પણ માસ્તર તમારે ક્યાં ઢોરઢાંખર સે કે ઉપાડવાવાળાની ઝરૂર પડી?'

'ઢોરઢાંખર તો પહેલાંય ક્યાં હતાં? આ જ્યારથી દરવાજા પાસેનો કાચો રસ્તો પાક્કો બન્યો છે જુવાનિયાઓ બેફામ ફટફટિયા હંકારે છે. કાલે રાતે કોઈ ભૂંડને હડફેટમાં લેતું ગયું એટલે એ ફંગોળાઈને દરવાજા પાસે પડ્યું. કણસતુંકણસતું વહેલી સવારે મર્યું હશે!'

'ભૂંડકાને ઝાઝું નો રેવા દેવાય ઈ તો ભારી ગંધાય. જીભ કોહવાઈ એમ માથું ફાડે, મેં તો પાડા ને બળદિયાય ઊંસક્યા છ માસ્તર, તમી ક્યાં નથ જાણતા પણ આ ભૂંડકા તો ભારે ભૂંડા.'

'હા... નાથા એટલે જ ઉતાવળે આવ્યો છું. વળી આજે મારા દીકરાનો દીકરો નચિકેતા આવવાનો છે. ઈ આવે એ પેલ્લા ઊપડી જાય તો સારું.'

'હારુ બાપા નસીબદાર સો, બાકી અટાણના સોકરવા હામું ઝોય?'

'બધી ઉપરવાળાની મહેરબાની છે, તારું કેવું હાલે છે?'

'માસ્તર ગાડું ગબડાવું સુ, રોટલોપાણી મળી રેય સે ને આ ઓટલો સે તી વખત નીહરી ઝાય, બાકી ઘર્યની માલીપા તો આખો દિ' કાન પકવી દે એવો બોકીરો હાલે. આયા બેઠોબેઠો માણહુનો આવરોઝાવરો ઝોયા કરું. જ્યાં લગણ જનગાની સે ત્યાં લગી હંધાય ખેલ ઝોવાના. બાકી ઝુવો સો ને માસ્તર, શરીર હાવ ખખડી ગ્યુ સ, પેલ્લી વાર બરકવા આઈવા સો ને આ હાથ તો ઝુઓ કેવો ધરુજે છે.' માસ્તરની નજર સામે જુવાન નાથો તરવરી ગયો. બે વડવાયું જેવા હાથ જે અલમસ્ત મરેલ ઢોરને મસાણ સુધી ખેંચી લેતા, આજે એ હાથ સાંઠીકડાની જેમ લબડે છે.

નાથાના ચેહરામાં ના પાડવાનો ઊંડો વસવસો દેખાતો હતો. એક લાંબા સમયનો પટ માસ્તર નંદશંકર અને છેવાડાના વાસમાં ચામડા ઉતારવાનો કસબી નાથા ચમારે સાથે માપ્યો હતો. એ સમયના સાક્ષી આખા ગામમાં હવે એ બે જ જણ બચ્યા હતા. માસ્તર પંચાશી પાર કરી ગયેલા અને નાથો એનાથી થોડો નાનો હશે. કારણ કે માસ્તરનાં લગ્નમાં ભાઈબંધ કચરા ઢોલીની સાથે નાથો પણ વગાડવામાં મચી પડેલો. બે વરસ પછી નવા વરસના દિવસે નાથો એની વહુને લઈ પાયલાગણ કરવા આવેલો. માથેથી ફાળિયું ઉતારી પલાંઠી વાળીને માસ્તર અને કાશીબાને પગે લાગેલો. સતારા ટાંકેલી ઝગમગતી સાડી પહેરીને આવેલી નવી વહુ પણ પાલવ પાથરી નત મસ્તક થયેલી ત્યારે માસ્તર અંદરઅંદરથી ખૂબ શરમાયેલા. પછી બન્નેનાં હાથમાં કડકડતી નોટ મૂકી આશીર્વચન ઉચ્ચારેલા... આયુષ્યમાન ભવ... શતપુત્રવતી ભવ.

નાથાએ બે હાથ જોડી માસ્તરને કહ્યું હતું 'બાપજી મારે લાયક જ્યારે કાંઈ કામ પડે ત્યારે હકમ ફરમાવજો. એક અવાજે હંધાંય કામ પડતાં મેલી પૂગ ઝાઈહ.'

માસ્તરને મનમાં થયેલું, તારું કામ તો નાથા મારે શું પડવાનું? મારે ક્યાં વાડી-વજીફા કે ઢોર-ઢાંખર છે? મારે જીભના જોરે જીવવાનું છે ને તારે કાંડાંના જોરે. છતાં નાથાની મદદ લેવી પડે એવી બે-ત્રણ ઘટના બનેલી.

ગામનું દરેક બાળક અક્ષરજ્ઞાન મેળવે અને ભણે એવી માસ્તરની પ્રબળ ઇચ્છા એટલે ઘરેઘરે સમજાવવા નીકળી પડેલા. આઝાદીની અસર નીચેના એ દિવસો હતા. પરિવર્તન લાવી દેવાની ઇચ્છાથી લોહી ઊકળતું હતું. ગાંધીજી આખા દેશને હચમચાવી શકે તો એક શિક્ષક એક

ગામને ન સમજાવી શકે? આવા ઝનૂન સાથે એ છેવાડાના વાસમાં સમજાવવા પહોંચી ગયેલા. માટીનાં કાચાં ઝૂંપડાંમાંથી આવતી બદબૂ અને છોકરાંઓની રાડારોળ જોઈ માસ્તર એક મિનિટ થંભી ગયા હતા પછી મક્કમ બનીને નાથો, વાઘજી, ભીમો, મેઘો બધાને મળેલા. બધી દલીલો વચ્ચે એક અવાજ પકડી રાખેલો કે છોકરાઓને ભણવા મોકલો, એ ભણશે તો સારું વિચારશે અને વિચારતા થશે તો બધાની સાથે ઊભા રહી શકશે.

ભીમાએ કહ્યું હતું 'નહીં માસ્તર, ઈ નો બને... તમારું વરણ ને અમારું વરણ હાર્યોહાર્ય નહીં.' માસ્તર બધી માથાકૂટો પછી પણ સમજાવતા જ રહેલા, જેના પરિણામે પાંચ વરસમાં પાંચ છોકરાઓને નિશાળ સુધી ખેંચી લાવવામાં સફળ થયેલા. એમાં નાથાની ઘણી મદદ લેવી પડેલી. એ સમયે આખા વાસમાં નાથાની દાદાગીરી રહેતી. શરીરે તાકાતવાળો અને મરેલાં ઢોર ઊંચકવામાં લટ્ઠા જેવો, ચામડું ઉતારવામાં માહિર. ચાર પેઢીથી વપરાતો છરો પતરાની પેટીમાં કપડામાં વીંટાળીને સાચવતો. પાક્કી કેરીની છાલ ઉતારે એમ ચામડું ઉતરડતો. આ પછીની બબાલ પણ કુનેહથી સંભાળી લેતો. સરખે હિસ્સે માલની વહેંચણી... વેપારી અને કારીગરો સાથે ભાવતાલની રકઝક... પૈસાની લેવડદેવડ. આ બધું પતે પછી મોડી રાત્રે પેટ્રોમેક્સ સળગે... પોટલીઓ ખૂલે... વળી એમાં આડાઅવળું થાય તો મારામારી અને ગાળાગાળી, આ બધું સાચવી લેવાની જવાબદારી પણ નાથાની જ રહેતી એટલે જ ભીમો, વાઘજી, મેઘો બધા નાથાની સરખી ઉંમરના હોવા છતાં નાથાભઈ કહીને જ બોલાવતા.

નાથાએ માવજી આવ્યો કે નહીં એ જોવા ડોક ફેરવી પણ કોઈ દેખાયું નહીં. એણે પશલાના દીકરાની દીકરી શાંતુને બૂમ પાડી પણ એ મોબાઇલમાં વાતો કરવામાં મસ્ત હતી.

'માસ્તર આ હવે કોઈ હાંભળતું નથી અને જુવાનિયાઓ તો મોંઢે સોપડાવે સે કે... અમી હવ મરેલાં ઢોરાં ઉપાડવાના નથ... પરુથવીનાં પેટાળું ઉલેસવા સરકાર પાંહે મશીનું સે... ઈમ સરકાર પાંહે ગંધાતું ઉપાડવા મશીનું નથ મળતા? કોય કરતા કોય હાંભળતું નથી. માસ્તર, આ બધી સલામુ દેહની તાકાતને હોય, માણહને નહીં હોં.'

'હા નાથા, માન તો તાકાતને જ હોય, જેવી તાકાત ગઈ એટલે માણસ અને પોટલામાં કાંઈ ફેર નહીં.' માસ્તરને યાદ છે નાથાનું જોર. બે લાકડાના જોરે તારવેલ આંખવાળું ઢોર ઢસડાતું હોય, ધૂળિયા રસ્તામાં પટ્ટા પડતા જતા હોય, બીજા ત્રણ ખભ્ભા બદલાતા રહે પણ નાથાનો ખભ્ભો મસાણ સુધી અણનમ રહે. માસ્તરને આ બધું જોવાનું એટલે નસીબમાં હતું કે અઠવાડિયામાં બે વાર તો મસાણમાં ટમટમિયાં ચળકતાં જ હોય. મસાણ માસ્તરના ઘરની સામેથી નીકળતા રસ્તાની પેલી ધારે હતું. કેટલીયે સવારે એવું થયેલું કે માસ્તર સવારે પૂર્વ દિશા તરફ ઊગતા સૂર્યને અંજલિ આપવા તાંબાના લોટામાં જળ ભરીને ઊભા હોય ઓમ સૂર્ય દેવાય નમઃ ... ત્રણ વાર બોલી પાણીથી અર્ઘ્ય આપી નજર નીચી ઉતારે ત્યારે નીચે પડેલા માંસના લોચા ઉપર ગીધ, સમડી અને કાગડાના ચકરાવા શરૂ હોય. આ દશ્ય જોઈ નંદશંકરની અંદરનો શિક્ષક હચમચી ઊઠતો. એક જ પૃથ્વી ઉપર આ તો કેવી અસમાનતા? એની અંદર ઊઠતો અવાજ બહાર નીકળવા જોર કરતો. 'શિક્ષક અસાધારણ હોય છે, મારે કાંઈક કરી છૂટવું જોઈએ.'

એક દિવસ વસ્તીગણતરીના કામે એ વાસમાં ગયેલા ત્યારે બધાનાં નામ લખતી વખતે કહેલું 'તમે હવે નવાં બાળકો જન્મે એનાં નામ કાંઈક સારાં રાખજો. આ ગાભો, ધૂળો, ગોબર, કચરો એવાં નહીં રાખતા.'

'તો માસ્તર તમી જ કવ ને કેવા નામ રાખીયે?' નાથાની વહુ બારણાની આડશમાંથી બોલેલી.

'દેવજી, માવજી, કેશવ, દશરથ, અમરત, કંકુ, કેસર... કેટલાં નામ છે.' એ પછી નાથાએ ત્રીજા નંબરના છોકરાનું નામ દેવજી પાડેલું.

'નાથા... દેવજી નથી?'

'ઈ તો તમારા આશર્વાદથી શેરમાં મુંશીપાલ્ટીમાં લાગી ગ્યો સ ને. મઝાનાં પાક્કાં મકાન સે... ખમીસ પાટલૂન પેરે સ... ને સોકરાવ દક્તર લઈને નીહારે ઝાય સ... ઈ બધો તમારો પરતાપ. મોટાને ભણતર ન ચઈડું ને વસલો પાંસ લગી પોઈગો હંવ ઈ છકડો ફેરવે સે. માસ્તર, તમી બવ હમજાવતા પણ અમારા વરણને હમજાવવું ભારી કાઠું.'

માસ્તર મગજમાં કોષ્ટક પૂરતા હોય એમ એનાં સપનાંઓ યાદ કરવા લાગ્યા. ઘરેઘરમાં ભણતર, હરિયાળું ગામ, રમતનું મેદાન અને આ છેવાડાના વાસને ગૌરવવંતો ચહેરો આપવાની ઇચ્છા. આ છેલ્લું સપનું ભારે અઘરું હતું. થાનક ખસેડવાની ઘટનામાં તો ગામમાં રહેવું ભારે થઈ પડેલું. નિશાળને અડીને જ માતાજીનું થાનક હતું. જો થાનકનું સ્થળાંતર થાય તો છોકરાઓ ત્યાં છૂટથી રમી શકે. વળી વારતહેવારે ધરાવાતો પ્રસાદ, એની દુર્ગંધ નિશાળની અંદર ન પહોંચે. પણ આ વાતને કોઈ મચક આપવા તૈયાર નહીં. માસ્તરે વિનંતીના સૂરમાં વાત મૂકી પણ માતાજીએ મેઘાના દેહમાં આવીને કહી દીધું કે મારું થાનક બદલશે એનું ધનોતપનોત કાઢીને રહીશ. માસ્તરે ગામના લોકો સામે વાત મૂકી ત્યારે એ સાંજે છરાની ચળકતી ધાર ધરીને મેઘો રસ્તાની વચ્ચે ઊભો રહી ગયેલો. 'માસ્તર, અમારા ધરમનાં મામલામાં વચ્ચે પડવાનું રેવા દો નંઈ તો કાલ નંઈ ભાળો હમજ્યા?' માસ્તર ગાયની ચામડીની જેમ ધ્રૂજી ઊઠેલા. પછી નાથાને અને ભીમાને વચ્ચે રાખી મામલો માંડ થાળે પાડેલો. એ દિવસે કાશી ખૂબ બબડેલી 'આ તે કેવા સુધારાના ધખારા તમને ઊપડ્યા છે. તમે આ છેડાના માણસ અને એ ઓલા છેડાના માણસ... કાંઈક તો વિચારો.'

'કાશી, સરકારનો પગાર જરૂર લઉં છું પણ એનો નોકર નથી, હું શિક્ષક છું, ભણાવવા સિવાયની પણ મારી ઘણી જવાબદારી છે.'

કાશી ટગરટગર તાક્યા કરી હતી માસ્તરના ચહેરાને. પછી બોલી હતી 'તમે ગમે એટલાં વાનાં કરશો તોયે બે છેડા ક્યારેય ભેગા નથી થવાના.'

'કાશી, બધા જો તમારી જેમ વિચારીને ચાલે તો પરિવર્તન શક્ય જ નથી.'

'સારું તો કરો મથામણ, હું તમારી પેલા ચાલી જાઉં તો યાદ કરજો કે કાશી તું કહેતી હતી એ સાચું હતું.'

માસ્તરને એ સમયની ઘણી વાતો યાદ આવી. એ નાથા સાથે એક એવા સમયમાં પહોંચી ગયેલા જેમાં એની બધી સારીનરસી ક્ષણો સંભારવી ગમે એવી હતી. બન્નેને મન એનો જ સમય સૌથી શ્રેષ્ઠ હોય એવું લાગતું હતું. નાથાને થતું હતું આજની નવી પેઢી સાવ ખોખલી અને કામચોર છે. અને માસ્તરને થતું હતું કે એ સમયે જે શિક્ષક માટેનો આદરભાવ હતો એ આજના છોકરાઓમાં ક્યાંય જોવા મળતો નથી.

'નાથા, આજે કોઈ ઉપાડવાવાળું મળે એમ લાગતું નથી? હું જાઉં, પાછું મોડું થશે.'

'માસ્તર, આ લાચારી તો જુઓ. તમે પેલ્લીવાર કાંઈક કામ પઈડું ને આઈવા ને હું ભૂંડો...'

'નાથા, કાંઈ નહીં, કાંઈક રસ્તો નીકળશે. પણ સમયની બલિહારી જો. એ કેવો સમય હતો જ્યારે ઉપાડવાનું નામ પડે ને બધા ઘેરો વળી જતા,' માસ્તરે એની નિરાશા દબાવી જાતને આશ્વાસન આપતા હોય એમ નાથાને રામરામ કરી ઊભા થયા. એમને અંદરથી માણસ ન મળ્યાં એ કરતાં એક શિક્ષક તરીકે અપમાનિત થયાનું વધારે દુઃખ થયેલું. એણે આખા રસ્તે મનને સમજાવ્યું કે સમયનો સ્વભાવ જ પરિવર્તનનો છે જે એમણે સ્વીકારવું જોઈએ. શિક્ષક તરીકે એણે પણ ઇચ્છ્યું જ હતું કે દરેક માણસ ગૌરવ સાથે જીવતો હોય. તો પછી આજે આટલો વિષાદ કેમ થાય છે?

માસ્તર ઘર સુધી પહોંચતાં સાવ તાકાતવિહોણા થઈ ગયા. એમની પાસે એ વાતનો જવાબ નહોતો કે સાવ નાની દેખાતી વાત આટલી મોટી હોઈ શકે? એ ખુરશી પર બેસી ગયા, પાસે પડેલું છાપું વાંચ્યા વગર જ ફડફડાતું રહ્યું. ખાલી ઓરડાનો અવકાશ પ્રશ્નોથી ભરાઈ ગયો. નચિકેતા આવ્યો ત્યારે પણ ચિંતા ભરેલો ચહેરો એ છુપાવી ન શક્યા. બન્ને વચ્ચે નહિવત્ સંવાદ થયો એટલું જ. એ ઘણું બધું ન બોલાયેલું સમજી શકે એટલો મોટો થઈ ગયેલો. એને સમજાતું હતું કે દાદા આટલા ચૂપ કેમ છે. એણે સીધું જ દાદાને પૂછી લીધું. 'માની લો કે કોઈ ઉપાડવાવાળું માણસ મળે જ નહીં તો શું કરવાનું?'

'દીકરા, એ જવાબ શોધવાની તો મથામણ કરું છું.'

'મારી પાસે છે એનો જવાબ.'

નંદશંકરને શું બોલવું એ સમજાયું નહીં. એ આશ્ચર્યથી નચિકેતાનો ચહેરો જોઈ રહ્યા. એ એના પિતા કરતાં ઘણો સહજ અને નિખાલસ લાગતો. ક્યારેક એનું ધાર્યું જ કરતો ત્યારે મનમાં થતું, 'આ સ્વતંત્ર વિચારસરણીવાળી બાલિશ અને ઉદ્ધત વ્યવહારો કરતી નવી પેઢી પાસેથી કેટલી અપેક્ષા રાખી શકાય?'

નચિકેતા એની આછી ઊગેલી દાઢીમાં હાથ ફેરવી ઊભો થયો. દાદાના ખભ્ભા ઉપર હાથ મૂકી બોલ્યો, 'દાદા ચિંતા કરો મા, બધું જ થઈ જશે. મને એ કહો દોરી અને કોથળો ક્યાં છે?'

નંદશંકરનો અવાજ છેક અંદર ચાલ્યો ગયો. થોડી વાર રહી એ ધીમેથી બોલ્યા, 'નહીં દીકરા, એ તારાથી નહીં થઈ શકે. હજુ સાંજ સુધી રાહ જોવા દે, કદાચ નાથો કોઈને મોકલે પણ ખરો.'

'અણગમતા કામ માટે આપણે ક્યાં સુધી કોઈની રાહ જોયા કરવાની? એ તો એને જેટલી ચીતરી ચડે એટલી જ મને ચડશે, પણ આંગણું તો આપણું છે ને દાદા?'

નચિકેતાએ જ્યારે ગડીવાળો રૂમાલ નાક અને મોં ઉપર બાંધ્યો ત્યારે નંદશંકર અવાક બનીને ઊભા રહ્યા. એની અંદર પરંપરાનાં પાનાં વેરવિખેર થઈ ઊડતાં હોય એવું એમણે અનુભવ્યું. નચિકેતાના ચહેરામાં છુપાયેલો પોતાનો ચહેરો શોધવા મથામણ કરી પણ એમ થયું નહીં, દરેક પાસે પોતાનો જ ચહેરો હોય છે. ગાડીમાં કોથળો બાંધીને દૂર સુધી લઈ જતા નચિકેતાને જોયો ત્યારે એ ખુશ હતા કે દુઃખી એ નક્કી નહોતા કરી શક્યા, એટલે અંદર રહેલી આકૃતિને જવાબ આપતા હોય એમ બબડ્યા 'હું તો તને કહેતો જ હતો... આ છેડા ને ઓલા છેડા જેવું કશું હોતું નથી. સાવ આટલી સીધીસાદી વાત સમજતાં કેટલાં વરસ લાગ્યાં, ખબર છે કાશી?'

*[એતદ્, માર્ચ ૨૦૧૯]*

કવિતા

# સમુદ્રકાવ્યો

રમણીક સોમેશ્વર

૧.

ચંદ્ર
અંકોડો ભેરવીને
ઊભો છે કાંઠે
અને
તરફડે છે આખો સમુદ્ર
ચાંદનીની જાળમાં
સપડાયો છે પૂરો
આરડે છે એની ભીતર
યુગોના યુગો




૨.

પાછા વળી જાય
મારી ભીતરના સમુદ્રો
ફીણફીણ કરી મને
મૂકીને કાંઠે

વિલાતો ચંદ્ર
તરફડતો તરફડતો
ઠરી જાય
કાંઠે પડેલી
કોડીમાં.

૩.

મારા ઓશીકા નીચે
મૂકી દીધો છે કોઈએ સમુદ્ર
ઊછળતા તરંગોમાં
ચકરાવા લેતાં મત્સ્ય
ઝરમરે રાત
પારિજાતના વૃક્ષ પરથી
ચકળવકળ થતી
ચીબરીની આંખોમાં
આશરો શોધે ચંદ્ર
ભીની રેતીમાં
ખૂંપી ગયેલાં પગલાંમાંથી
ફૂટી નીકળે
શંખધ્વનિ.

૪.

છાતી પરના સફેદ વાળમાં
ફીણોટાય દરિયો
હય હણહણતા હોય
કેશવાળી ઉછાળતા
કાળ કણસતો લૂલો
એનાં
ફદફદ થાતાં પગલાં
ચાલું
એક ફીણાતો સમંદર ઊંચકીને
પછાડું પાય કાંઠે
ટેકરીઓ ભીંસતી કૂણું
લસરતો સાવ મૂંગો
એમ બસ, જોયા કરું
આ
હું જ છું કે!

*['શાહીનું ટીપું', રમણીક સોમેશ્વર(૨૦૧૯)માંથી]*

સંસ્મરણ

# રાજકોટ

## સૂચિ વ્યાસ

આ છે રા... જ... કો...ટ એ...ની જ... ગ...માં ન...જો... ટ

રાજકોટમાં વળી એવું તો શું છે કે... રાજકોટ બોલતાં જ દાંતમાં ખડીસાકરના કટકા ભરાણા હોય એવો સ્વાદ આવે, દિલમાં ગલગલિયાં થાય અને શરીરમાં એક નાનોસો ગરમાટો અનુભવાય?

બેત્રણ રાજકોટિયા ભેગા થાય ને તરત જ રાજકોટની શેરીઓ, જગ્ગડનાં ભજિયાં, પટેલનો આઇસક્રીમ, ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, પટનું મેદાન, ત્રિકોણબાગ, શ્રોફ બંગલો, રેસકોર્સ, જૂબેલી ગાર્ડનની વાતું કૂદીકૂદીને, તાળિયું દઈ રસપૂર્વક કરે. એમાં ચાંપલાં મુંબઈગરાં કે ભાવનગરિયાંઓ, પોરસિયા રાજકોટિયાની નસ દાબે, 'કાં, તમારા રાજકોટમાં ગંદવાડ બહુ હોં. ખુલ્લી ગટરોને લીધે વાસ બહુ મારે.' રાજકોટના 'બાપુ' એવે ટાણે ભાઈસા'બ, મૂછનો દોર વાંકો ન થાય એવા ધીમા કાઠિયાવાડી અવાજે, તમાકુ ચાવતાંચાવતાં બારીની બહાર જોઈને કહે કે, 'હા, તમારી વાત સોળ આની સાચી કે ગંદવાડ ખરો... પણ સોખ્ખો ગંદવાડ હોં!' અને તરત જ કાઠિયાવાડી અદાથી વાતનો દોર બદલાવી કહે, 'બાપુ, સાંજે છ વાગ્યા નથી ને એય રાજકોટની ઉનાળાની સાંજ કેવી માદક, કાં ને?' રાજકોટના માણસો દલીલ-ચર્ચામાં ન પડે પણ સહેલાઈથી, સિફતથી ફીરકીના દોરની ઢીલ મૂકી જુદી જ દિશામાં પતંગ ચગાવે.

છેલ્લાં ત્રીસ વરસથી મેં રાજકોટને ભૌગોલિક રીતે છોડી દીધું છે પણ દિલમાં તાજા ગુલાબ જેવું સતત મહેકે છે, સુંવાળપથી સ્પર્શે છે, ધબકે છે, વહે છે, અને અનેરો કેફ ચડાવે છે. ફિલાના લોકો પૂછે કે એવું તે ત્યાં શું છે!



ક્યાંથી શરૂ કરું?

મારા માટે રાજકોટ એટલે અમારું જાની બિલ્ડિંગ, અમારી રાષ્ટ્રીય શાળા, અમારી ટી. જી. સ્કૂલ અને અમારી ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, બસ આ બધું એમાં સમાઈ ગયું. જાની બિલ્ડિંગ એટલે ફક્ત મોટું મકાનમાત્ર નહિ, જાની બિલ્ડિંગ એટલે જાણે કે ગાંધી-આશ્રમનું ઍક્સ્ટેન્ડેટ વર્ઝન, ફરક માત્ર એટલો હતો કે ગાંધીજી ત્યાં રહેતા ન હતા.

આશ્રમવાસીઓ અને ગાંધીજીના અનુયાયીઓએ ત્યાં આવીને એમનું રહેઠાણ બનાવેલું. મોટું ડેલાબંધ મકાન, ડેલામાં પરમાત્મા પગીનો વાસ, ડેલાની બંને બાજુએ બે ઑફિસો, એક બાજુ જાણીતા વકીલ બાલકૃષ્ણ શુક્લ અને બીજી બાજુ જાણીતા વકીલ સત્યેન્દ્ર જોષી, વચ્ચે ફળિયું, ફળિયામાં ડંકી, ડંકીની આજુબાજુ બાંધેલી ચોકડી, ડંકીની સામે બે સીડી, સીડીની પાસે વાવેલા કરેણના છોડ – એક સફેદ, એક લાલ. આગળ ચાલો તો પાછું નાનુંશું ફળિયું, વચ્ચે નાના પૅસેજ, ફરી જાની બિલ્ડિંગનો વિસ્તાર જ્યાં ભાઈઓ અને બહેનોનાં પાયખાનાં, પાસે બીજી ડંકી અને સામે અમારા ‘મામાની દુકાન’ જ્યાં નારંગીની પીપરમિન્ટ, સીંગ-દાળિયા મળે અને છેલ્લે બગીચો.

બે માળના મકાન ઉપર મોટી અગાશી. મારા જેવાં બસોએક છોકરાંઓનું શૈશવ ફળિયામાં અને અગાશીમાં ગયું હશે. રમતોમાં લંગડી, ખો, થપ્પો, ભમરડા, અમીનો, નાગોળિયો, ક્રિકેટ, સાઇકલ, ગરબડિયો ઘોઘો અને પ્રસંગોમાં નવરાત્રિ, હોળી, લગન-મરણ અને આત્મહત્યાઓ બધું આવી જાય! અગાશીમાં પતંગ, ગુબારો, ઉનાળાની રાતો, તારાઓનું જ્ઞાન અને પરાક્રમી પુરુષાતનો – જેવાં કે બંગડીવાળો નીકળે તો પાણા ફેંકી બંગડીઓ તોડવી, કોઈના ઉપર ઠંડું પાણી રેડવું, ધમાચકડી કરવી. સાંજે ઘર ભેગાં થઈએ ત્યારે હરહંમેશ સારા એવા મારની આગાહી. ઊભાંઊભાં બે હજાર વાર રામનામ લખ્યાં છતાં ન સુધરેલી પ્રજા અમે! લગભગ ૨૫-૩૦ છોકરાંની ગૅંગ નિર્દોષ આનંદ લૂંટે. આશ્ચર્યની વાત તો એ છે કે આમાંથી કોઈનો પ્રેમમાં પડ્યાનો એક દાખલો ય ન મળે, કોઈનાં અંદરઅંદરનાં લગન નથી થયાં. નાખી દેતાંય જાની બિલ્ડિંગમાં, આજે વયોવૃદ્ધ થયેલાં, ૨૫-૩૦ બાળકો અમેરિકામાં રહેતાં હશે અને આટલાં વર્ષે પણ જ્યારે એકબીજાને મળે ત્યારે સગાં ભાઈબહેનથી પણ વિશેષ પ્યાર કરે છે.

અમારા જેવાં નાલાયકો ભણવામાં હોશિયાર તો ખરાં પણ છતાંયે ખાદીધારી દવેસાહેબ બરાબર સાડા ચાર વાગ્યે ‘ચાલો બહેન, ચાલો ભાઈ’ કહેતાં અમને ભણાવવા આવે. ધોતિયાની પાટલી હાથમાં પકડી, ટોપી સરખી કરી છોકરાઓને ધોલ મારે અને છોડીઓને ડોળા દેખાડે! અમેરિકામાં આવી બધાં ‘ડેવ’ થઈ જાય, પણ દવેસાહેબ અમેરિકા આવ્યા વગર અમારા દેવ થઈ ગયા. એમનું પ્રાથમિક શિક્ષણ આજે પણ કામ આવે છે. રાષ્ટ્રીય શાળામાં બધાં સાથે ભણવા જઈએ. રેંટિયો કાંતીએ, શાળાના પ્રાર્થના ખંડમાં પ્રાર્થના કરીએ.

ગાંધર્વ મહાવિદ્યાલયમાં 'બહેન' અને 'ભાઈ' તરીકે ઓળખાતી પત્ની-પતિની જોડી વિજયાબહેન અને પુરુષોત્તમભાઈ સંગીત શીખવે. જાનીસાહેબ કસરત શીખવાડે. એય ને લીલા લહેર હતી. બાલ્કનજી-બારીનાં પર્યટનો, છવ્વીસ જાન્યુઆરીનાં સરઘસો, પંદરમી ઓગસ્ટનાં ધ્વજવંદનો...

પાંચમા ધોરણથી જાની બિલ્ડિંગનાં છોકરા-છોકરીઓ છુટ્ટાં પડી જાય તે છેક પાછાં કૉલેજમાં મળે. અમે જી. ટી. સ્કૂલમાં જઈએ અને છોકરાઓ વીરાણીમાં જાય. ભણાવનારાં બધાં અમારાં માઈબાપ જેવાં. અમારા જેવી વાંગડ પ્રજાને ભણાવવી, કેળવવી એટલે માથાની ઓલીકોરનું કામ!

રાજકોટ આમ તો જૈન-વાણિયાનું ગામ, એમાં પાછા ગરાસિયાઓ – રજપૂતોની દાદાગીરી! પણ અમારે એની હારે કોઈ લેવા કે દેવા નહીં. અમારી દુનિયા જાની બિલ્ડિંગ, રાષ્ટ્રીય શાળા, જી. ટી. સ્કૂલ અને ધર્મેન્દ્રસિંહજી કૉલેજમાં વસેલી. એ જમાનામાં રાજકોટમાં ૬૦ ઘોડાગાડીઓ અને ૨૦૦ સાઇકલો માંડ હશે. રાજપૂતપરામાં અભેસંગભાઈની ઘોડાગાડી કરાવવાની અને જનમદિવસ વખતે રાણા સાઇકલ સ્ટોરમાંથી લાલ સાઇકલ એક આનામાં આખા દિ' માટે ભાડે કરી ગામ ખૂંદી વળીએ. આંગળીને ટેરવે ગણીએ એટલી મોટર. બજારમાં જઈએ તો ગાડીનાં હૉર્ન પરથી ખબર પડે કે કોની ગાડી નીકળી. 'આ ડૉ. રસિકભાઈ શાહ દેરાસર જવા નીકળ્યા', 'આ ડૉ. સવિતાબહેન વિભાકર વિઝિટે નીકળ્યાં... આ તો સદરબજારવાળાં ડૉ. તારાબહેન જાદવની બેબીકાર હૉસ્પિટલને રસ્તે રૂમઝૂમતી ઊપડી.. કે હવે 'સારેગમ' વગાડતી ડૉ. વરિયાવાલાની ગાડી....'

પોલ્યુશનનું નામ નહીં. ગંદવાડ તો હતો જ નહીં અને હશે તો દેખાય નહીં એટલો ચોખ્ખો ગંદવાડ! આજે અમે ત્યાં પાછાં જઈએ ત્યારે જૂના રાજકોટનાં દર્શન થતાં નથી. પરિવર્તન તો જગતમાં એક ધ્રુવની જેમ અચલ છે. આપણાં મોઢાંની સુરખી પણ ક્યાં પહેલાં જેવી રહી છે?

ખયાલોમાં વસેલું રાજકોટ સદાયે સુંદર, સ્વચ્છ અને રૂપાળું છે!

*['નિબંધવિશ્વ', સંપાદક સુરેશ દલાલ(૨૦૧૧)માંથી]*



*eternal thirst...*

# આદત સે મજબૂર


હરિકૃષ્ણ પાઠક

પાત્રો, સ્થળ, સ્થિતિ, ગતિ દશ્યોમાંથી પ્રગટ થાય છે તે મુજબ

## પ્રથમ દશ્ય

[ખીચોખીચ ભરેલ સભામંડપનો છેવાડાનો ભાગ, અંદર મંચ પર કશુંક ચાલતું હોય. પ્રેક્ષકો તેમાં મગ્ન. સભામંડપની બહાર પ્રવેશદ્વાર પાસે ત્રણ જણા ઊભા છે. વેશભૂષાથી નહીં પણ વર્તનમાં રંગલા જેવા. 'ઍબનોર્મલ' લાગે તેવા. અંદરોઅંદર એકબીજાની કરેલી રમૂજો પર વારી જતા હોય તેમ લળીલળીને હસતા ને હા... હા... ઠી... ઠી... ખીખીખી કરતા. થોડીથોડી વારે સભામંડપમાં નજર કરે.

સભામાં છેલ્લે બેઠેલાઓ આ બધાની હરકત પર નાખુશી ને અણગમો વ્યક્ત કરતા હોય તેમ ક્યારેક કતરાતી, ગુસ્સાભરી આંખે પાછું વળીને જુએ ને ફરીથી રંગમંચ તરફ જોવા માંડે. પેલા ત્રણે જણા આનો કશોય સંકેત ન સમજતા હોય તેમ ટોળ ટીખળ ને હા... હા... ઠી... ઠી... કરતા રહે, ને કોઈએ પોતાની સામે જોયું તેવા ખ્યાલથીયે પાછા ફુલાય ને પાછા ફરી ફરીને ખી... ખી... ઠી... ઠી... કર્યા કરે. (અસ્પષ્ટ ગરબડિયા વાતચીત, ખીખીઆરા, કતરાતી આંખો – આ બધું માત્ર અભિનયથી જ ઉત્તમ રીતે દર્શાવી શકાય.) થોડી ક્ષણો પછી પેલા ત્રણેની પ્રગટ વાતચીત]




પહેલો : (બીજાને) અલ્યા તેં નાટક કેટલુંક જોયું? મઝા પડી? કેવું લાગ્યું? બોરિંગ?

બીજો : (હતાશ સ્વરમાં) ઠીક છે યાર, જાવા દે ને, સાલા બોચિયા...

ત્રીજો : (પહેલાને રોકતો હોય તેમ) છોડને યાર, (બીજાને ઉદ્દેશીને) બોલ જોઉં, કેટલી જોક્સ મારી? કેટલાને હસાવ્યા? બાપુ, સક્સેસને?

બીજો : (રડમસ જેવો) એસ્તો કહું છું ક્યારનો. સાલ્લા બધા જ બોચિયા, ઉલ્લુ, દિવેલિયા. કોઈ હસ્યું જ નહિ ને! બાકી બાપુ, આપણે તો બધી ઊંચા માયલી ફટકારેલી. ઓવન ફ્રેશ... ને એક-બે તો પાછી (ધીમા અવાજે) નોનવેજ... પણ સાલું આપણું આ ઓડિયન્સ! કશું સમજે જ નહિ ને? યાર, ફૉરેનમાં જન્મ્યા હોત ને, તો તો બાપુ, ઊપડ્યા ઊપડત નહિ. આ ઇન્ડિયા તો બોગ્ગસ છે.

પહેલો-ત્રીજો : (નાકે આંગળી અડાડી બીજાને, સમદુઃખિયા હોય તેમ જોયા કરે, સાંભળ્યા કરે ને ગંભીર મુદ્રા ધારણ કરે...)

બીજો : (સ્વગત, બબડાટી કરતો હોય તેમ) સાલું... આ ફૉરેનમાં હોત તો ઊપડ્યા ઊપડત નહીં. ઊપડ્યા ન ઊપડત. ફૉરેનમાં જન્મ્યાં હોત; અરે! એકાદ આંટો જવા મળ્યું હોત તોય ઊપડ્યા ન ઊપડત...

[ત્રાહિત જેવો જણાતો ચોથો એકજણ, બીડીની તલપથી બહાર આવે. બીડી સળગાવે. લિજ્જતથી કશ લે. આ ત્રણ જણ પાસે સહેજ અવળો ફરીને ઊભો રહે. આ ત્રણેથી અલિપ્ત અને આમ પણ જુદો પડી જાય. ટૂંકમાં 'નોર્મલ' લાગે.]

પહેલો : (બીજાને, સમભાવથી લાગણીના સ્વરમાં) યાર, ચિંતા થાય, લાગી આવે એ સ્વાભાવિક છે. હું બધું સમજું છું. પણ બોજો ના રાખવો. સાલું આપણે હાસ્યકારોને આ ઊપડવાનો પ્રૉબ્લેમ ભારે હોય છે. ઊપડ્યા તો ઊપડ્યા, નહિ તો ગયા! આ જો ને; કેટલાં વરસથી 'હળવી કલમે' ઘસડ્યાં કરું છું? આ છાપાવાળો, સાલો ચામડિયો, પૂરાં ટિકિટનાં કાવડિયાંય નથી પરખાવતો. તોયે ઘસડ્યાં કરું છું. ને તો યે હજી કશું ઊપડતું નથી. શું કરવું? બોલ જોઉં! (પછી ચોથો કોઈ અજાણ્યો જણ સાંભળે છે તેવો અંદેશ આવી જવાથી એકાએક અવાજ બદલીને) – બાકી બાપ્પુ, જોઈ લેજો, આવતી કાલ આપણી, હા આપણી, આ આખી બોચિયાઓની જમાતને ખડખડાટ, ધમધમાટ હસાવું નહીં તો આપણું નામ...

બીજો : (હજીયે શોકમગ્ન, ભાંગેલા અવાજમાં) આ ઇન્ડિયા તે સાલો કાંઈ કન્ટ્રી છે! એને બદલે જો ફૉરેનમાં જન્મ્યા હોત તો ઊપડ્યા ઊપડત નહીં. ઊપડ્યા ન ઊપડત.... [દરમિયાનમાં પેલો ચોથો 'નોર્મલ' જણ આ બધું આડકતરી આંખે જુએ છે; ને કાન માંડીને સાંભળતો રહે છે. તે અંદર સભામંડપમાં જતાં જતાં...]

ચોથો : (બીજાને) યાર, ફૉરેનવાળાયે તમને ઉપાડવાની હિંમત ન કરે. આવડો મોટો દાગીનો ઊપડે કેમ કરીને? હળવું હોય એ તો ઝટ દઈને ઊપડે. પણ આ તમને 'ઉપાડવા' એ તો ભારે જોખમ ગણાય. (માર્મિક હસીને સભામંડપમાં ગાયબ.)

પહેલો : સાંભળ્યું? આણે શું કહ્યું તે? એ ખરેખર શું કહેતો હતો?

બીજો : એ પણ આપણા જેવો હાસ્યલેખક હતો કે શું?

ત્રીજો : હાસ્યલેખક ક્યારેય ઓડિયન્સમાં બેસે ખરો? [ત્રીજાની ઉક્તિમાં કશીક મહાન રમૂજ થઈ ગઈ હોય તેમ ત્રણે જણા એક સાથે હો હો હો... હા હા હા... ખી ખી ખી કરતા હસવા માંડે. જોરશોરથી હસે. ફરીથી અંદરના પ્રેક્ષકો અકળાય. તેમાંનું કોઈકોઈ કતરાતી આંખે પાછળ જુએ. કોઈ દાંતિયું કરે, કોઈ ‘છિત્ છિત્ છિત્’ કરે – ત્યાં કશુંક અચાનક સાંભરી આવ્યું હોય તેમ – ]

પહેલો : (બીજા અને ત્રીજાને) અલ્યા એઈ, આ આપણે અહીં જમાવી દીધી પણ ગુરુજી ક્યાં? યાર, ગુરુજી અંદર હોય તો તો આ ઓડિયન્સ નાટક જુએ કે તેમની જૉક્સ સાંભળે? એ કંઈ જંપીને બેસે નહીં. જો તો ખરો, ગુરુજી ક્યાં ગયા...

બીજો : યાર, ગુરુજી તો કમાલની ખોપરી છે. કશુંયે નજરે ચડે કે ગુરુજીને કશીક જૉક તરત સૂઝી આવે. એક વાર તો એવું બનેલું કે... (સહેજ થંભીને ગુરુપ્રશસ્તિની વાત માંડે – ) ગુરુજી વીજળીઘર પાસે ઊભેલા ને ક્યાંક આસપાસમાં આગ લાગી. લોકોની દોડધામ ને ટન્ ટન્ ટન્ કરતા લાયબંબાયે જાય ભાગ્યા ને ગુરુજીને મનમાં નવી જૉક ઊગી નીકળી... ગુરુજી તો લોકોને હાથ પકડી પકડીને ઊભા રાખે, જકડી રાખે, કહે કે ભાઈ, જૉક સાંભળીને પછી તમતમારે જાઓ, જ્યાં જવું હોય ત્યાં... પણ કોઈ મારું વાલું ઊભું જ ના રહેને... હું તે વખતે રસ્તાની સામી બાજુએ હતો. ટ્રાફિક વટાવીને માંડ ત્યાં પહોંચ્યો. ગુરુજી તો પરસેવે રેબઝેબ. છેલ્લે કોકને ઝાલેલો ને સાલો ગુરુજીનો હાથ છોડાવતાં ઝપાઝપીમાં તેમનો બુંશકોટ પણ ફાડતો ગયેલો. મને જોયો, તે ગુરુજી તો રાજીના રેડ. તે પછી ગુરુજીએ શું જૉક સંભળાવી! (ક્ષણભર અટકે, બાકીના બંને પરમ ઉત્સુકતાથી તાકી રહે) ગુરુજીને તો આ આગના અકસ્માતમાંથી એક જૉક સૂઝેલી. કહે : એક ગાંડાએ બંબાખાતામાં ફોન કર્યો કે ફલાણે ઠેકાણે તરત આવો. આગ લાગી છે. બંબાવાળા તો ધમધમાટ કરતા આવી પહોંચ્યા. ત્યાં તો કશું ન મળે. ગાંડો ઊભેલો. એને પૂછ્યું : અહીં ક્યાંય આગ લાગી’તી? ગાંડો કહે : લાગી’તી શું, આગ તો હજીએ ચાલુ જ છે! બંબાવાળા કહે : ક્યાં છે આગ? તો ગાંડો કહે, મારા પેટમાં... ને પછી તો યાર, અમે કાંઈ હસ્યા, કાંઈ હસ્યા... કાંઈ હસ્યા (ગુરુપ્રશસ્તિની આ આખીયે વાત, ગુરુજીને મંચ પર દર્શાવીને ભજવાતીયે દર્શાવી શકાય. છેલ્લે હસવાની વાત આવે ત્યાંથી મૂળ દૃશ્ય પર આવી જઈ શકાય. ત્રણે જણા ગુરુજીની જૉક સાંભળી એક સાથે હસવા માંડે... સભામંડપમાં એકાએક ધમાલ જેવું થઈ પડે. થોડા ઊંચા અવાજો, ગુસ્સાભર્યા સંભળાય : નાટક ના જોવું હોય તો બહાર જાવ, શું મંડ્યા છો ક્યારના? કાંઈ અક્કલબક્કલ છે કે નહીં? કોણ જાણે ક્યાંથી આવી ભરાણો છે... વગેરે વગેરે... અવાજોની ઉગ્રતા વધી પડે ને પછી એકાએક અંદરથી કોઈનો જોરદાર ધક્કો વાગ્યો હોય તેમ એક જાડો, સ્થૂળ, લઘરવઘર

જણ બહાર ફેંકાઈ આવે ને પેલા ત્રણ જણા સાથે અથડાઈને માંડમાંડ પડતો બચે. પેલાઓ આશ્ચર્યમૂઢ થઈને જોઈ રહે. તેમના મોં પર બાઘાઈ, ઉત્તેજના, ગુસ્સો, કુતૂહલ, દયા, રમૂજ એવા અનેકવિધ ભાવોનું મિશ્રણ ઝળક્યાં કરે...)

બીજો : (ખચકાટ સાથે) ગુરુજી આપ? આપ તો માત્ર જૉક્સ કરો છો, ક્યારેક કૂતરાં-બિલાડાંની કે પ્રાઇમ મિનિસ્ટરની મિમિક્રી કરો છો, પણ આ બજાણિયાના દાવ ક્યારે શીખ્યા? આવડી મોટી છલાંગ મારી કેવી રીતે?

ત્રીજો : કે પછી કોઈએ ઉપાડીને ફેંક્યા?! (પછી મનોમન બબડતો હોય તેમ, પણ પ્રગટ રીતે) અહીં તો આને (બીજા તરફ નિર્દેશ કરીને) ઉપાડવાનીયે કોઈ હિંમત કરતું નથી ત્યાં ગુરુજીને કોણે ઉપાડ્યા? (પછી પ્રગટ) હેં ગુરુજી આપને કોણે ઉપાડ્યા? કોણે ફેંક્યા?

બીજો : (ઊંઘમાંથી ઝબકીને જાગી ગયો હોય તેમ, આનંદમાં આવી જઈને) શું કહ્યું, ગુરુજી ઊપડ્યા? ઊપડ્યા ગુરુજી!? હેં, ગુરુજી ઊપડ્યા? કમાલ થઈ ગઈ, કમાલ. ગુરુજી ઊપડ્યા! તો હવે આવતી કાલે આપણો વારો! (બીજાને હલબલાવીને) પરમદહાડે તુંય ઊપડવાનો... (પહેલાને) ને પછી તું! ઊપડ્યા... ઊપડ્યા... ગુરુજી ઊપડ્યા છેવટે ઊપડ્યા...

ત્રણે જણા : (એક સાથે) ઊપડ્યા... ગુરુજી ઊપડ્યા... હીપ્ હીપ્ હુર્રે...

ગુરુજી (લોલેલોલમાં ભળી જતાં, પરસેવો લૂછતાંલૂછતાં) ઊપડ્યા શું? ઊપડ્યાયે ખરા? ને પાછા ઊડ્યાયે ખરા. છે કોઈની મજાલ કે આપણે અંદર હોઈએ ને નિરાંતે નાટક જોઈ શકે? આપણે તો ઊપડ્યાએ ખરા ને ઊડ્યાયે ખરા...

(ચારે જણા જોરશોરથી હસવા માંડે. ઓડિયન્સમાં તેનો ઉગ્ર પ્રત્યાઘાત પડે. શરૂમાં ગણગણાટ, પછી મોટા અવાજો ને પછી એકાએક ધમાલ... ધમાલ...)

## દશ્ય બીજું

(પોલીસ ચોકીમાં એક ઑફિસર કડક મુદ્રા સાથે આમતેમ આંટા મારતા, હથેળીમાં નાનકડી સોટી પછાડતા, ગુસ્સાભર્યા, ધૂંધવાયેલા ફરે છે ને ચારે જણા સીધા અક્કડ ઊભા છે.)

પોલીસ ઑફિસર : (કડકાઈથી) તમે નાટકમાં હરકતો શા માટે કરી? કોણ છો બધા? શું કરો છો?

ગુરુજી : (ભુજરો ભરતા હોય તેમ વાંકા વળીને) જી, અમે બધા, ચારેચાર જણા વિવિધ કક્ષાના ને વિવિધ પ્રકારના વિખ્યાત હાસ્યકારો છીએ; અમે હસતા હતા. માત્ર હસતા હતા ને પ્રજાને હસાવવાનો અમારો ધર્મ, અમારી ફરજ અદા કરતા હતા. સાહેબ!

પો. ઑ. : (અકળાઈને) તે તમને કોઈએ બોલાવેલા અહીં, પ્રજાને હસાવવા?

બીજો : (નમ્રતાથી) ના જી. એમ તો અમને કોઈ ક્યારેય બોલાવતું નથી. અમારે વળી નિમંત્રણની શી જરૂર? ગમે તે જાહેર કાર્યક્રમમાં અમે આ જ રીતે જઈએ છીએ; ને અમારો ધર્મ, અમારી ફરજ આવી જ રીતે અદા કરીએ છીએ, સાહેબ!

પો. ઑ. : (વ્યંગમાં) ને આવી જ રીતે હડધૂત થાઓ છો?

ત્રીજો : (ખુલાસો કરતો હોય તેમ) એવું તો કેમ કહેવાય સાહેબ. ક્યારેક વળી ધોરણસરનું ઑડિયન્સ મળીયે જાય; કે પછી મૂળ કાર્યક્રમ બોરિંગ હોય તો લોકો અમને પસંદ કરે...

પહેલો : (વચ્ચે ઝુકાવતો હોય તેમ) અમે તો પ્રહસનકારો છીએ, સાહેબ!

પો. ઑ. : (રમૂજ પડતી હોય તેમ) પ્ર-હસનકારો કે પ્રતિ-હસનકારો?

ગુરુજી : (ઉત્સુકતાથી) સાહેબ, એ બેમાં શો ભેદ છે?

પો. ઑ. : (આ બધા કંઈક સમજે તો સારું એવા ભાવથી) There are some people with whom we laugh; but there are also some who are laughed at.

બીજો : (નમ્રતાથી દયામણું મોં કરીને) સાહેબ, અમે બધા આઠમાથી અંગ્રેજીવાળા છીએ એટલે અંગ્રેજી સમજવામાં થોડી મુશ્કેલી છે.

પો. ઑ. : (હસીને) સમજવાની વાતનું તો એવું છે ને કે તમને ગુજરાતીમાંયે એટલી જ મુશ્કેલી પડવાની. (સહેજ અટકીને સમભાવથી) પણ એ કહેશો તમે બધા આવું આવું કેમ કરો છો? સીધા-સખણા કેમ નથી રહેતા?

ગુરુજી : (એકરારના સ્વરમાં) શું કરીએ સાહેબ, અમે એક ક્ષણ માટેય ભૂલી શકતા નથી કે અમે હાસ્યકારો છીએ, હાસ્યલેખકો છીએ, હાસ્યના કલાકારો છીએ... શું કરીએ? સાહેબ એક ક્ષણ માટેય ભૂલી નથી શકતા...

*['અદ્યતન પ્રહસન સંચય', સંપાદક રઘુવીર ચૌધરી, રતિલાલ બોરીસાગર(૧૯૯૮)માંથી]*

# શીતાલાપ

શ્રીરામ કડિયા

વેધર ફોરકાસ્ટ સામાન્ય છે
હું કેમ્પથી પાંચ માઈલ દૂર પહોંચી અટકું છું
બરફના દસ ફૂટ જાડા થર પર
દસ-બાર બાલુડા પેંગ્વિન હાલકડોલક ચાલે રાખે છે
બાજુમાં જ તોતિંગ બિસમાર એવી રિસર્ચ નૌકા શીતસમાધિમાં
ધીમે-ધીમે પોતાનું અસ્તિત્વ વિલીન કરતી જાય છે

મારા સ્લેજ કૂતરાઓ લાંબા સમયે પ્રગટ થયેલા માદક સૂર્યપ્રકાશમાં
પોતાના પડછાયા જોઈ સ્ખલિત-અસ્ખલિતપણે ભસે છે
દાઢી પર ચોંટેલા બરફકણો પર પવન ઘડી બે ઘડી લટકી આગળ વધે છે
દૂર પડેલા બરફનાં વિશાળકાય ચોસલાંઓ પોતાના સ્વભાવમાં મગ્ન છે
જાણે કે તેમના પર સમયની કોઈ અસર જ નથી
આજે મારી કેમ્પ તરફ પાછા જવા કોઈ જ ઇચ્છા નથી
કેમ્પમાં જઈશ તો લેપટોપ, ઇ-મેઇલ અને સેટેલાઇટ ફોન કરી નાખશે મને
પાંગળો
રશિયન્સ, જાપાનીસ, નોર્વેજીયન્સ વગેરે સાથે ચર્ચવા લાગીશ રિસર્ચનાં
અટપટાં સમીકરણો

અને ડિનર પછી જીભ પર સિમેન્ટ જેમ ચોંટી જશે વોડકાની કડવાશ
સૂઈ જઈશ મમી જેમ છ બાય છની સ્લીપિંગ બેગમાં કોઈ ખલનાયક પાત્ર માફક
ઊઠીશ ત્યારે એવો ને એવો જ હશે કેમ્પ ચિત્રવત,
નદીના કિનારા ઘસાય એમ આખેઆખો કેમ્પ ઘસે રાખશે મારી મનોદશા
લટકતા કેલેન્ડર પર બરફ થઈ ગયેલી તારીખો દઝાડે રાખશે મને નિર્દયપણે
હું મસ્તીથી રમતા સ્લેજ કૂતરા તરફ નજર માંડું છું
તેમને વેધર ફોરકાસ્ટ સાથે કોઈ જ લેવાદેવા નથી
પથ્થર જેવા બરફમાં જીવાશ્મીઓ શોધવામાં અડધી જિંદગી ધૂમ્ર થઈ ગઈ
પણ સામે મળતાં પેંગ્વિન અને મહાકાય વોલરસ એટલાં ને એટલાં જ સુંદર છે
તેમની ચેષ્ટાઓ, નિર્દોષ કિકિયારીઓ અને ક્રીડાઓને
આ અણીશુદ્ધ બરફ અત્યંત શુદ્ધ ભાવે ચાહે છે
બરફમાં પાંચ ફૂટ ઊંડે ગરક થયેલી યાંત્રિક શારડીને હું બંધ કરી દઉં છું
જઈને બેસી જઉં છું સ્લેજ કૂતરાઓનાં ટોળાં વચ્ચે ગેલ કરવા
આ અદ્ભુત એન્ટાર્કટિકાને સમજવા શારડી-યંત્રોની કોઈ જ જરૂર નથી
સ્લેજ કૂતરાઓની હૂંફાળી જીભ ચાટે રાખે છે મારા ગાલ
હું મનોમન નિશ્ચય કરી લઉં છું
'પેંગ્વિન જેવી ચાલ શીખવાનો.'

[નવનીત સમર્પણ, મે ૨૦૧૯]


ચરિત્ર

# બા અને બાની કહેવતો

પન્ના નાયક

નાતાલની રજામાં હું દેશ ગયેલી. અમારા અંધેરીના ઘેર જવાનું થયું. જોકે હવે એ ઘર રહ્યું નથી. ઘર ભંગાઈને હવે દીવાસળીના બાક્સની થપ્પી જેવા ફ્લૅટવાળું મકાન બંધાયું. ફ્લૅટમાં અંદર જાઓ તો નાના નાના ઓરડા અને માથું ભટકાય એટલી નીચી છત. ત્યાં હવે નથી મોટાં બારી અને બારણાં જ્યાંથી તડકો અને પવન સંતાકૂકડી રમતા. ત્યાં હવે નથી કોઈ જગ્યા હીંચકાની કે ઉપલા માળની વિશાળ બાલ્કનીની. એ બાલ્કનીમાં ઊભાં ઊભાં અમે શેરીમાંથી વહી જતી આખી દુનિયાને જોતાં. હું તો દરરોજ ત્યાં ઊભી રહેતી. કોઈની જાન નીકળી હોય, 'મુંબઈ આમચી'નું સરઘસ નીકળ્યું હોય, ઈદના દિવસોમાં મુસલમાનોનું તાબૂત નીકળ્યું હોય, શ્રી રામ શ્રી રામ બોલતા ડાઘુઓ કોઈ મરણ પામેલાને અંધેરી સ્મશાને લઈ જતા હોય કે બાજુની ઝૂંપડપટ્ટીના છોકરાઓ ગિલ્લીદંડા રમતા હોય – આ બધું જોતાં થાકતી નહીં. બા કહેતી : 'ત્યાં શું ઊભી છે આખો દિવસ? કામ નથી બીજું તારે?'

શરદપૂનમને દિવસે કૉલેજનાં મિત્રો અમારે ઘરે આવતાં. અમે વરસોવા દરિયાકિનારે ફરવા જતાં. આવીને આખી રાત અમે ગપ્પાં મારતાં. ક્યાં? એ બાલ્કનીમાં જ તો. બા અને બાપાજીએ ત્યાં હીંચકો બંધાવેલો. એમની સવાર બપોરની ચા તો એ ત્યાં જ ઝૂલતાંઝૂલતાં પીતાં. ત્યાં જ બેસીને બા અને બાપાજી અલકમલકની વાતો કરતાં. મને થતું કેવો મનમેળાપ છે એમનો. હું કહેતી, હુંય મારા પતિ સાથે આમ જ હીંચકે ઝૂલીશ અને વાતોના હિલોળા લઈશ.




એ જૂના ઘરને ખૂણેખૂણે બાની હસ્તી એવી હતી કે બા ગયાં પછી પણ જ્યારેજ્યારે હું ત્યાં જતી ત્યારેત્યારે જાણે કે તેમને મળ્યા જેટલો આનંદ થતો. એકેએક જગ્યાએ બાની વિશિષ્ટ સ્મૃતિ અંકાયેલી હતી. હું જ્યારે રિસાતી ત્યારે બા મને મનાવતાં અને પછી કંઈ ને કંઈ મનભાવતું ખવડાવતાં. કોઈ બાબતનો ઠપકો આપવાનો હોય ત્યારે જોતાં કે કોઈ આજુબાજુ તો નથી ને.

બાપાજીને કોઈ મળવા આવતું ત્યારે તેમને દીવાનખાનામાં બેસાડીને, ઘરમાં નોકરચાકર હોવા છતાં ચા-નાસ્તો પોતે જ લઈ આવતાં. આવીઆવી અનેક સ્મૃતિઓ મારા મનમાં જડાઈ ગઈ છે.

બાને પિયરમાં ઓછાં સગાં પણ સાસરું વસ્તારી. અમારું કુટુંબ ખાસ્સું મોટું. અમે પાંચ ભાઈઓ અને ચાર બહેનો. ભાઈઓને બાએ પરણાવ્યા. (દરેક નવી વહુને બા હીંચકે બેસાડે. એમને ચા-નાસ્તો કરાવે અને પછી અમારા મોદી કુટુંબની ખાસિયતોની વાતો કરે. નવવધૂના વરને શું ગમે, બાપાજી ક્યારે ગુસ્સે થાય, અમે દીવાળી અને બેસતું વરસ કેમ ઊજવીએ, એ બધું કંઈ ને કંઈ એ નવોઢાને સમજાવે. આ બધું જોઈને થતું કે ભાગ્યશાળી વહુને જ આવી સાસુ મળે). આમ મોટા કુટુંબકબીલામાં બાની આખી જિંદગી અને એમનુ આખું વ્યક્તિત્વ જાણે કે ધરબાઈ ગયાં. અમને ઉછેરવામાં, અમારી બધાંની સંભાળ લેવામાં બા જાણે ક્યાંય ખોવાઈ ગયાં. બા ઝાઝું નહીં પણ પાંચ ચોપડી ભણેલાં. લખતાં-વાંચતાં સારું આવડે. કવિતાનો શોખ. યાદશક્તિ ઘણી. નરસિંહ, મીરાં, કલાપી, મેઘાણી વગેરેની ઘણી કવિતા કંઠસ્થ. એક વાર જોયેલો ચહેરો ભૂલે નહીં કે એક વાર સાંભળેલું નામ આડુંઅવળું થાય નહીં.

આ જૂના ઘરમાં ફરી આવતાં સૌથી વધુ જો મને યાદ આવતાં હોય તો બા અને બાની કહેવતો. લાંબા સાસરવાસમાં બાને ઘણા કડવામીઠા અનુભવો થયા જ હશે. એ ઉપરાંત પાંચપાંચ વહુઓ ઘરમાં એટલે કોઈ ને કોઈનાં મન ઊંચાંનીચાં થાય જ. એ બધો, જિંદગી આખીનો, અનુભવ બાએ એમની કહેવતોમાં નીચોવ્યો હતો. બા એટલે કે જાણે કહેવતોનો જીવતોજાગતો ભંડાર. એકેએક પ્રસંગ માટે એમની પાસે કહેવતો હોય જ.

આજે એ કહેવતો યાદ કરું છું ત્યારે થાય છે કે આ બધી કહેવતો એમને કોણે કહી હશે? બા આમ તો ચુસ્ત વૈષ્ણવ પણ એમની કહેવતોમાં મૂતર, ગાંડ, ખાસડાં, લીંડાં વગેરે શબ્દો માટે કોઈ છોછ નહોતી. બાનો સ્વભાવ રાંક. બધાંથી ગભરાય – દીકરા વહુઓથી પણ. કુટુંબના કંકાસમાંથી કેમ બચવું તે જાણે કે બા માટે સદાયની સમસ્યા હતી. બધું સંભાળીસંભાળીને કરવું, બધાંથી ચેતતાં રહેવું એવી એમની મનોદશા ઘણી કહેવતોમાં છતી થતી. બા અમને રોજ સમજાવતાં કે કુટુંબમાં અને બહાર અરસપરસનો વ્યવહાર ટકાવવો અઘરો છે. કોઈને માઠું લાગી જાય એનો ખ્યાલ રાખવો એ વાત વારંવાર કહેવતો ટાંકીને કહેતાં. હું અંધેરીના જૂને ઘરે ગઈ અને એ ઘરની જગ્યાએ મેં નવું મોટું મકાન જોયું પણ મને તો દેખાયાં કર્યાં બાના કાળનાં વૃક્ષ-આચ્છાદિત ઘરનાં એ હીંચકો અને બાલ્કની. બધે બા જ યાદ આવ્યાં. અને સાથે યાદ આવી બાની કહેવતો.

ટૂંકા આકારમાં સમાયેલા બાના ડહાપણ અને માણસાઈના નમૂના એટલે બાની જીવતીજાગતી કહેવતો. બાના અનુભવનું સત્ય અને સત્ત્વ એટલે એમની કહેવતો. કેટલીક કહેવતો અતિ પ્રચલિત છે. અપ્રચલિત છે એ કદાચ કહેવતસંગ્રહમાં જરૂર મળે પણ આખી જિંદગી મેં બાને મોઢે આ બધી કહેવતો સાંભળી છે એટલે આ કહેવતોનું મૂલ્ય મારે મન અનેકગણું છે. કહેવતેકહેવતે બા તાદશ થાય છે. આ કહેવતોની ખૂબી એ કે વારંવાર વપરાવાથી મારા મન પર એ અંકિત થઈ ગઈ છે અને આટલાં વર્ષેય એ ભુલાઈ નથી. આવી કહેવતો અને એના ઉપયોગને કારણે આપણી ભાષા રસિક, ચોટદાર અને ઝમકદાર બની છે. હવે બા નથી અને એમની પેઢીનુંય કોઈ જીવતું નથી. બાના જવા સાથે રોજ બોલાતી અને સંભળાતી કહેવતો પણ નાશ પામતી જાય છે. બાની આ કહેવતો આજે જ્યારે યાદ કરું છું ત્યાર થાય છે કે એમની કોઠાસૂઝ કેવી ઊંડી અને એમનું નિરીક્ષણ કેવું તીક્ષ્ણ. આવડું મોટું ભર્યુંભાદર્યું

– કોઈ સંસ્થા જેવું ઘર એમણે સડસઠ વરસ કુશળતાથી ચલાવ્યું. થાય છે કે આ બાઈ જો કંઈ મોટું ભણી હોત તો! એમ.બી.એ. જેવી કોઈ ડિગ્રી એમણે મેળવી હોત તો! બાને આજે યાદ કરતાં વિચાર આવે છે કે આપણા સમાજમાં આવી કેટકેટલીયે શક્તિશાળી સ્ત્રીઓ એમના કુટુંબકબીલા અને એમની ઘરવખરીમાં જ બસ સમાઈ ગઈ હશે!


અને બાની કહેવતો, યાદી રૂપે :

એવું તે શું રળીએ કે દીવો મેલીને દળીએ?/ આંગળી સૂજીને કંઈ થાંભલો ન થાય/ ઊંટ મેલે આકડો ને બકરી મેલે કાંકરો / કઢી કઢી ખાય ને વડીનો શોક પાળે / કપાળનું ટીલું કપાળે થાય, ગાંડે ન થાય / કારેલાનો વેલો લીમડે ચડ્યો / કાલો થઈ કાંચળીમાં હાથ ઘાલે / કોઈને મૂતરે દીવો ન બળે / કોયલાની દલાલીમાં હાથ કાળા જ થાય / ખાવાના સાંસા ત્યારે પરોણાના વાસા / ગરીબ બોલે ત્યારે ટપલાં પડે ને મોટાં બોલે ત્યારે તાળીઓ / ગમે એની ગાંડ ગમે ન ગમે એનું મોઢું ન ગમે / ગધેડાને લીંડે પાપડ થાય તો અડદનો કોઈ ભાવ ન પૂછે / ગાંડ ધોઈને કઢી કરે / ગાંડ નીચે રેલો આવે ત્યારે જ ખબર પડે/ ઘઉંની કણક જેમ કેળવીએ તેમ કેળવાય / ચૂંટિયા ખણે વેર ન વળે / ચોરણો સિવડાવે તે મૂતરવાનો માર્ગ રાખે / જ્યાં રંધાય ત્યાં ગંધાય / જીભ સો મણ ઘી ખાય તોપણ ચીકણી ન થાય /ઢેફું પાણીથી ય પલળે ને મૂતરથી ય પલળે / થૂંકે સાંધા કરીએ તે કેટલું ચાલે? / દમડી માટે દમણ જાય / દીકરો હોય તો વહુ આવે ને રૂપિયા હોય તો વ્યાજ આવે / દાતારી દાન કરે ને ભંડારી પેટ કૂટે / દાતણ કરતાં ડોકું હલાવ્યું તો કહે મને માનીતી ગણી / નહાતાં મૂતરે તેને શી રીતે પકડાય? / નીચી બોરડીને સૌ કોઈ ઝૂડે / પગે સૂઈએ કે માથે, કમ્મર તો વચમાં જ / પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહીં / પરણાવતાં સાસુ હરખાયાં, પછી સાસુ હડકાયાં / પાડોશણ છડે ભાત ને ફોલ્લો પડે મારે હાથ / પાદવાની પહોંચ નથી ને તોપખાને નામ નોંધાવે / પાણી પીને મૂતર જોખે / બેઠાં ત્યાં બપોર ને સૂતાં ત્યાં સવાર / બેસીએ જોઈ તો ઉઠાડે નહીં કોઈ / બોર આપીને કલ્લી કાઢી લે / ભાંડે તે ભંડાય, નિંદે તે નિંદાય / ભોંય બેઠા એટલે પડવાનો ભય ટળ્યો / મન જાણે પાપ ને મા જાણે બાપ / મા પૂછે આવ્યો? ને બૈરી પૂછે લાવ્યો? / મારે મિયાં ને ફૂલે પીંઢારા / મારવા કરતાં પદાવવું સારું / મોળું દહીં દાંત પાડે / માંદાની સુવાવડ, હજાર ચીજ જોઈએ / વપરાતી કૂંચી હંમેશાં ઊજળી / વાઢી આંગળી પર મૂતરે નહીં / વેશ્યા કોઈની વહુ નહીં / વેશ્યાને અઘરણી નહીં / વિષ્ટાનો કીડો કમળમાં મરે / લુંટાયા તો લુંટાયા પણ ચોર તો દીઠા / લેતાં લાજી ને આપતાં ગાજી / શેરડીનો સાંઠો છેક સુધી ગળ્યો ન હોય/ શિકાર કરવો હોય ત્યારે સિંહ પણ નમે / સદા સુહાગણ તે વેશ્યા / સમ ખાય તે સદા જુઠ્ઠો / સારા જાણી નોતર્યા ને ભાણે બેસીને મૂતર્યા / સુંવાળી શેઠાણીના પાદતાં પ્રાણ જાય.

*[‘અડધા આકાશનો રંગ’, સંપાદકઃ હિમાંશી શેલત(૨૦૦૫)માંથી]*



*summer symphony- shadow of your smile...*



*Be A Light Unto Yourself...*

લેખ

# ત્યારે એથ્લેટિક્સે ક્રિકેટને પણ પાછળ છોડ્યું

પીટી ઉષા

વર્તમાન સમયમાં દુનિયામાં રમતોનો સૌથી મોટો ઉત્સવ ઊજવાઈ રહ્યો છે, જેને ક્રિકેટ વર્લ્ડ-કપ કહેવાય છે. હું વિચારું છું છેવટે એ સમય ક્યારે આવશે જ્યારે અન્ય રમતોની ઉજવણી પણ આટલા મોટા પ્રમાણમાં થશે. ક્રિકેટ વર્લ્ડ-કપના બહાને રમતોની વાત સ્વાભાવિક છે. આમ આખી દુનિયામાં જોઈએ તો ફૂટબોલથી મોટી અને અમીર કોઈ રમત નથી. ફૂટબોલ એવી વસ્તુ છે, જેની આગળ ક્રિકેટ પણ ટકી નહીં શકે. તેમાં એવો દમ છે કે ક્રિકેટને પણ ઘૂંટણીયે ચાલવા મજબૂર કરી દે. પછી સવાલ એ છે કે ક્રિકેટ આપણા દેશમાં આટલી પ્રખ્યાત કેમ છે?

એક સમય બીજો હતો. ૧૯૮૪ની વાત છે જ્યારે ઓલેમ્પિકમાં મેં ચોથું સ્થાન હાંસલ કર્યું હતું. આગામી વર્ષે ૧૯૮૫માં જકાર્તામાં પાંચ ગોલ્ડ અને એક કાંસ્ય જીત્યો. પછી ત્રીજા વર્ષે ૧૯૮૬માં સિઓલ એશિયન ગેમ્સમાં મને કાંસ્ય મળ્યો. આ એ ત્રણ વર્ષ હતાં જ્યારે એક રમત એથ્લેટિક્સે ક્રિકેટના ગાંડપણને પણ પાર કરી દીધું હતું. ગાંડપણ એવું કે ક્રિકેટર્સને એમ લાગવા લાગ્યું કે તેમને કોઈ પૂછી નથી રહ્યું. ૧૯૮૭માં જ્યારે વર્લ્ડ કપ યોજાઈ રહ્યો હતો તે સમયે ગાવસ્કર અને કપિલ દેવે પત્રકારોને ફરિયાદ કરી. તેમણે કહ્યું, ‘તમે પીટી ઉષા પર વધુ ધ્યાન આપી રહ્યા છો, અમે પણ વર્લ્ડકપ જીતીને આવ્યા છીએ, અમે પણ દેશ માટે રમીએ છીએ.’ આ ઉલ્લેખ એટલા માટે કે આજની પેઢીને જણાવવામાં આવે કે ક્રિકેટથી વધુ પણ કોઈ રમતની પૂછપરછ થતી હતી. ગાવસ્કર અને કપિલ દેવની આ ફરિયાદ પછી BCCIએ એક બેઠક બોલાવલી જેનો એજન્ડા હતો અન્ય રમતો કરતાં ક્રિકેટને ઓવરપાવર કેવી રીતે કરવામાં આવે? મિટિંગમાં કાયદેસર માર્કેટિંગ એક્સપર્ટ બનાવાયા અને એક સ્ટ્રેટેજી તૈયાર કરાઈ. આ સ્ટ્રેટેજી ધીમેધીમે વર્ષોવર્ષ લોકોના હૃદયમાં બેસાડાઈ. સરકાર મારફત, દૂરદર્શનની જાહેરાતો મારફત. પહેલાં શહેરોમાં પછી ગામો સુધી. આ દેશમાં ક્રિકેટને લોકપ્રિયતા

આપવાની વિચારણાપૂર્વકની યોજના હતી. આમ કરતાં બીસીસીઆઈ અને તેમના માર્કેટિંગ નિષ્ણાતો એક વાત ભૂલી ગયા. તે લોકો માત્ર પુરુષો પર ધ્યાન આપી રહ્યા હતા. કારણ કે ક્રિકેટ પુરુષોની રમત હતી અને તે માત્ર પુરુષોને આકર્ષિત કરી રહ્યા હતા. તપાસ કરવા માગતા હોવ તો ગામોની મહિલાઓને પૂછો કે કોહલી કોણ છે અને ગાવસ્કર કોણ છે? એક સરવે મુજબ ક્રિકેટ આપણા દેશના ૧૫-૨૦% લોકોનું પ્રતિનિધિત્વ કરે છે. જ્યારે ટાર્ગેટ છે તેને ઓછામાં ઓછા ૫૦% સુધી લઈ જવું. આ જ કારણ હતું કે વીમેન્સ ક્રિકેટ લોન્ચ કરાઈ. પરંતુ તેને પુરુષો જેટલું મોટું કેનવાસ અપાયું નહીં. ઓછી ટૂર્નામેન્ટ, ઓછી ફી અને પગારના કારણે વિમેન્સ ક્રિકેટની લોકપ્રિયતા હંમેશા પાછળ રહી. જે પૂરી કરવા માટે મહિલા ક્રિકેટરોના અંગત જીવનની વાતો પબ્લિકમાં લાવવા લાગ્યા. પબ્લિક એટેન્શન માટે ખોટી વાતો વધુ દિવસ ચાલી શકતી નથી. એથ્લેટિક્સ દરેકના જીવન સાથે જોડાયેલું છે. દોડ હોય, કૂદવાનું હોય અથવા ફેંકવાનું. આ બધું જીવનમાં ક્યારેક ને ક્યારેક કરવું પડે છે. આ જ કારણ છે કે કોઈ તેનો નાશ કરી શકતું નથી. ભારતમાં એક લાખ સ્કૂલ છે, જેમાં કરોડો બાળકો અભ્યાસ કરે છે. તેમાંથી એક સ્કૂલમાંથી લગભગ ૧૦૦ છોકરા-છોકરીઓ દર વર્ષે સ્પોર્ટ્સ મીટમાં રમાનારી એથ્લેટિક્સમાં ભાગ લે છે. તો સમગ્ર દેશના કેટલા લોકો એથ્લેટિક્સ સાથે જોડાયા તેનો તમે અંદાજ લગાવી શકો છો. બીજી બાજુ જો ક્રિકેટની વાત કરીએ તો એક સ્કૂલની ટીમમાં વધુમાં વધુ ૧૬ લોકો હો ય છે. તો ૧૦૦ વધુ થયા કે ૧૬? ક્રિકેટની સરખામણીમાં એથ્લેટિક્સમાં વધુ મહેનતની જરૂર છે. અહીં લોહી-પરસેવો પાડવો પડે છે, ત્યારે નાની-મોટી સિદ્ધિ હાથ આવે છે. અનેક વખત પેરેન્ટ્સને મળું છું. તે કહે છે ૧૬થી ૧૮ સુધી થતા અભ્યાસ અને જવાબદારીઓના પગલે એથ્લેટિક્સ છૂટી જાય છે. જ્યારે તેમનું બાળક આ દુનિયામાં આવે છે તો તેઓ તેને સ્પોર્ટ્સપર્સન બનાવવાનું સપનું જુએ છે. લાખો બાળકો સ્પોર્ટ્સમાં આવે છે, પરંતુ તેના મુકાબલામાં સુવિધાઓ બહુ ઓછી છે. અસલી ઇન્ડિયા ગામોમાં રહે છે. ત્યાં જઈને પૂછો, તે મિલ્ખા, ધ્યાનચંદ પેદા કરે છે. જ્યારે ક્રિકેટ કોર્પોરેટ સ્ટ્રેટેજીની દેન છે. અસલી ઇન્ડિયન્સની અંદર ક્રિકેટ કદાચ નથી. હું દાવો કરું છું જો અન્ય સ્પોર્ટ્સને પણ આટલી સુવિધાઓ મળે અને તેથી તેમનું પણ સારું પરફોર્મન્સ આવવા લાગે તો લોકો ક્રિકેટ ભૂલી જશે. ક્રિકેટના કારણે અન્ય રમતોને શું મળ્યું અથવા તેમને શું નુકસાન થયું તેનું હું જીવતું-જાગતું ઉદાહરણ છું. ૧૯૯૦માં ભારત સરકારે નેશનલ સ્પોર્ટ્સ ડેવલપમેન્ટ ફન્ડની રચના કરી હતી. જ્યારે રમતો માટે મદદ માગવામાં આવી તો કોઈ સામે ન આવ્યું. ક્રિકેટ પર કરોડો ખર્ચ કરનારા કોર્પોરેટ પણ કશું આપી શક્યા નહીં. ત્યારે માત્ર કપિલ દેવે પોતાની કમાણીમાંથી ૪ કરોડ રૂપિયા આ ફન્ડને દાનમાં આપ્યા. જે તે સમયની દૃષ્ટિએ ઘણા વધુ હતા. આપણા સોશિયલ મીડિયા, ડિજિટલ મીડિયા અથવા ત્યારના જમાનાના પ્રિન્ટ મીડિયા અથવા ટીવી પહેલેથી ક્રિકેટને સાથ આપી રહ્યાં

છે. કારણ કે તેમની પાસે રૂપિયા છે અને અન્ય ખેલો પાસે એટલા રૂપિયા નથી. કારણ કે બિઝનેસ ટાયકૂન અન્ય રમતોને મદદ નથી કરતા. કારણ કે અન્ય રમતો માટે એવી સુવિધાઓ નથી. શું ક્યારેય કોઈના મનમાં સવાલ થાય છે કે પોતાનો મોટો બિઝનેસ છોડીને કેમ લોકો ક્રિકેટ સાથે જોડાઈ જાય છે? કદાચ તેમને અહીં બિઝનેસ કરતાં વધુ કંઈક મળે છે. મારા મનમાં ક્રિકેટ અથવા ક્રિકેટના ખેલાડીઓ અંગે વિરોધ નથી. અનેક ક્રિકેટર મારા સારા મિત્ર છે. મારો પુત્ર પણ ક્રિકેટ રમતો હતો. મારો વિરોધ ભેદભાવ સામે અને સુવિધાઓ અંગે છે. વિમેન્સ અને મેન્સ ક્રિકેટ વચ્ચે, ક્રિકેટ અને અન્ય રમતો વચ્ચે છે. ઓલિમ્પિક છોકરો જીતે કે છોકરી, એક જ પ્રાઇઝ મની છે. ક્રિકેટમાં એવું કેમ નથી? છેવટે આ રમતોની દુનિયા છે, જ્યાં અપ્રામાણિકતાને કોઈ જગ્યા નથી. ભારતીય નાગરિક અને રમતો પ્રત્યે પ્રેમ હોવાને પગલે હું ભારતીય ક્રિકેટ ટીમને ઑલ ધ બેસ્ટ કહું છું. હું ઇચ્છું છું કે આપણી ટીમ જીતે અને અંગ્રેજોની ધરતી ઇંગ્લેન્ડથી વર્લ્ડકપ જીતીને આવે. જય ભારત.

*[દિવ્ય ભાસ્કર, વડોદરા, શનિવાર ૧ જૂન ૨૦૧૯]*

## લેખક-સંપર્ક


સિતાંશુ યશશ્ચન્દ્ર, વડોદરા - sitanshuy@gmail.com

નીતા જોશી, વડોદરા - singer@gmail.com

રમણીક સોમેશ્વર, ભુજ - ramnik.someshwar@gmail.com

સૂચિ વ્યાસ, ફિલાડેલ્ફીઆ

શ્રીરામ કડિયા, અમદાવાદ - ૯૮૨૪૦ ૦૫૫૫૧૩

હરિકૃષ્ણ પાઠક, ગાંધીનગર - ૯૪૨૮૬ ૦૬૭૭૪

પન્ના નાયક, વૉશિંગ્ટન ડી.સી. - naik19104@yahoo.com


ઘનશ્યામ સવાણી - ghanshyamsavani01@gmail.com



*living khajuraho- male and muse...*



*living khajuraho-sensuous...*



*living khajuraho- playful hearts...*

# એકત્ર ઈ-બુક્સ

## ગુજરાતીનાં સ્મરણીય પુસ્તકોની
## રમ્ય અને સંતર્પક ઈ-બુક શ્રેણી


અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ । નારાયણ દેસાઈ
અપરાજિતા । પ્રીતિ સેનગુપ્તા
અમાસના તારા । કિશનસિંહ ચાવડા
અમૃતા । રઘુવીર ચૌધરી
અરધી સદીની વાચનયાત્રા - ૧- ૪ । સં. મહેન્દ્ર મેઘાણી
અલગારી રખડપટ્ટી । રસિક ઝવેરી
અશ્રુઘર । રાવજી પટેલ
આપણો ઘડીક સંગ । દિગીશ મહેતા
કંકાવટી । ઝવેરચંદ મેઘાણી
કુરબાનીની કથાઓ । ઝવેરચંદ મેઘાણી
ખરા બપોર । જયંત ખત્રી
ખાંભીઓ જુહારું છું । ઝવેરચંદ મેઘાણી
ગાંધીજીની જીવનયાત્રા । સં. મહેન્દ્ર મેઘાણી
ગિજુભાઈની બાળવાર્તાઓ । ગિજુભાઈ બધેકા
ગીતામંથન । કિશોરલાલ મશરૂવાળા
જનાન્તિકે । સુરેશ જોશી
જીવનનું પરોઢ । પ્રભુદાસ ગાંધી
જેલ ઓફિસની બારી । ઝવેરચંદ મેઘાણી
તિબેટના ભીતરમાં । સં. મહેન્દ્ર મેઘાણી
ત્યારે કરીશું શું? । લિયો ટોલ્સટોય
દિવ્યચક્ષુ । રમણલાલ વ. દેસાઈ
પદ્મિની । કૃષ્ણલાલ શ્રીધરાણી
પૂર્વાલાપ । કાન્ત - મણિશંકર રત્નજી ભટ્ટ
બાપુની છબી । કાકા કાલેલકર
બારીબહાર । પ્રહલાદ પારેખ
ભજનાંજલિ । કાકા કાલેલકર
ભારેલો અગ્નિ । રમણલાલ વ. દેસાઈ
ભવનું ભાતું । સં. મહેન્દ્ર મેઘાણી
ભેદની ભીંત્યુંને ભાંગવી । મનુભાઈ પંચોળી
મારા ગાંધીબાપુ । ઉમાશંકર જોશી
મારી હકીકત । નર્મદ
મોરનાં ઈંડાં । કૃષ્ણલાલ શ્રીધરાણી
રખડુ ટોળી । ગિજુભાઈ બધેકા
રવીન્દ્રનાથની રત્નકણિકાઓ । નગીનદાસ પારેખ
વાચનયાત્રાનો પ્રસાદ । સં. મહેન્દ્ર મેઘાણી
વિદિશા । ભોળાભાઈ પટેલ
દ્વિરેફની વાતો - ભાગ ૧ । રામનારાયણ વિશ્વનાથ પાઠક
વેવિશાળ । ઝવેરચંદ મેઘાણી
શીંગડાં માંડતાં શીખવશું । મનુભાઈ પંચોળી
શું શું સાથે લઈ જઈશ હું? । સં. મહેન્દ્ર મેઘાણી
સત્યના પ્રયોગો । મોહનદાસ કરમચંદ ગાંધી
સરસ્વતીચંદ્ર - ભાગ - ૧ । ગોવર્ધનરામ ત્રિપાઠી
સર્વોદય । મોહનદાસ ગાંધી
સાત વિચારયાત્રા । સં. મહેન્દ્ર મેઘાણી
હાસ્ય-માળાનાં મોતી । સં. મહેન્દ્ર મેઘાણી
હિંદ સ્વરાજ । મોહનદાસ ગાંધી
અવતરણ । સં. રમણ સોની
સમુડી । યોગેશ જોશી
અરૂપસાગરે રૂપરતન । યજ્ઞેશ દવે
અવલોકન-વિશ્વ । સં. રમણ સોની
અસ્તિ । શ્રીકાન્ત શાહ

**સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ – શ્રેણી**

ઇદમ્ સર્વમ્ (નિબન્ધ) । સુરેશ જોષી
અહો બત કિમ્ આશ્ચર્યમ્ ( નિબન્ધ) । સુરેશ જોષી
રમ્યાણિ વીક્ષ્ય (નિબન્ધ) । સુરેશ જોષી
પ્રથમ પુરુષ એકવચન (નિબન્ધ) । સુરેશ જોષી
ઇતિ મે મતિ (નિબન્ધ) । સુરેશ જોષી
પશ્યન્તિ ( નિબન્ધ) । સુરેશ જોષી
વિદ્યાવિનાશને માર્ગે (નિબન્ધ) । સુરેશ જોષી
આત્મનેપદી ( નિબન્ધ) । સુરેશ જોષી
પ્રત્યંચા (કાવ્ય) । સુરેશ જોષી
ઇતરા (કાવ્ય) । સુરેશ જોષી
તથાપિ (કાવ્ય) । સુરેશ જોષી
પરકીયા (કાવ્ય) । સુરેશ જોષી
ઉપજાતિ (કાવ્ય) । સુરેશ જોષી
ગૃહપ્રવેશ (ટૂંકી વાર્તા) । સુરેશ જોષી
બીજી થોડીક (ટૂંકી વાર્તા) । સુરેશ જોષી
અપિ ચ (ટૂંકી વાર્તા) । સુરેશ જોષી
ન તત્ર સૂર્યો ભાતિ (ટૂંકી વાર્તા) । સુરેશ જોષી
એકદા નૈમિષારણ્યે (ટૂંકી વાર્તા) । સુરેશ જોષી
વિદુલા (નવલકથા) । સુરેશ જોષી
કથાચક્ર (નવલકથા) । સુરેશ જોષી
છિન્નપત્ર (નવલકથા) । સુરેશ જોષી
મરણોત્તર (નવલકથા) । સુરેશ જોષી
કિંચિત્ (વિવેચન) । સુરેશ જોષી
ગુજરાતી કવિતાનો આસ્વાદ (વિવેચન) । સુરેશ જોષી
કથોપકથન (વિવેચન) । સુરેશ જોષી
કાવ્યચર્ચા (વિવેચન) । સુરેશ જોષી
શૃણ્વન્તુ (વિવેચન) । સુરેશ જોષી
અરણ્યરુદન (વિવેચન) । સુરેશ જોષી
ચિન્તયામિ મનસા (વિવેચન) । સુરેશ જોષી
અષ્ટમોઅધ્યાય (વિવેચન) । સુરેશ જોષી

www.ekatrafoundation.org અને ekatra.pressbooks.pub

ઉપર ક્લીક કરતાં જ પુસ્તકોની આ રમ્ય ને સંતર્પક દુનિયામાં પ્રવેશ કરી શકાશે.




# ‘એકત્ર’નો ગ્રંથ-ગુલાલ

## ભૂંસાતાં ગ્રામચિત્રો

આ નિબંધોમાં એવા સ્મરણ-આલેખો છે જેમાં શહેરી સંસ્કૃતિના દાબ હેઠળ ઝડપથી બદલાયે જતા સમયમાં, લોપ પામતો કૃષિજીવન-મય ગ્રામ-સમાજ અને વન-પરિવેશ આબેહૂબ ઊઘડયો છે. લેખકે ગામ, ઘર, પડસાળ, ફળિયું, પાદર, સીમ, શેઢો, મેળો, લગ્નગીતો, પંખીલોક... એવાં શીર્ષકોવાળાં ટૂંકા લખાણોમાં એ ભૂંસાતાં ગ્રામ-ચિત્રોને અસરકારકતાથી આલેખ્યાં છે – લેખકે માણેલો ગ્રામલોક અહીં તંતોતંત ઊપસ્યો છે. એમાં અનુભવ-સંવેદન એટલું તીવ્ર અને જીવંત છે, અને ભાષા એવી પ્રાસાદિક અને કાવ્ય-સ્પર્શવાળી છે કે આ આલેખો ઝીણી વિગતોના દસ્તાવેજીકરણને પણ પ્રવાહિતા અને સુવાચ્યતા આપે છે.

આ નિબંધોમાં લેખકના અખૂટ વિસ્મયના આનંદ સાથે જ એ પ્રકૃતિમય ગ્રામજીવન વિલાઈ ગયાની, એના વિરૂપીકરણની, લેખકની વેદના પણ છે. ‘ગામ જવાની હઠ છોડી દે...‘ એ મણિલાલના જ કાવ્યનું સંવેદન આ ગદ્ય-આલેખોનું પણ એક મુખ્ય સંવેદન છે. પુસ્તકમાં એમણે ઠેકઠેકાણે કાવ્યપંક્તિઓ પણ ટાંકી છે.

આવા આસ્વાદ્ય નિબંધો વાચકોને ગમશે.



## મણિલાલ હ. પટેલ

મુખ્યત્વે કવિ તરીકે જાણીતા મણિલાલ હ. પટેલ (જ. 9, નવેમ્બર 1949) એ ઉપરાંત નિબંધકાર, વાર્તા-નવલકાર, ચરિત્રકાર, વિવેચક અને સંપાદક તરીકે પણ ખ્યાત થયા છે. પદ્મા વિનાના દેશમાં (1983) આદિ કાવ્યસંગ્રહો; વૃક્ષાલોક (1997) આદિ નિબંધસંગ્રહો; તરસઘર (19740) વગેરે નવલકથાઓ; બાપાનો છેલ્લો કાગળ (2001) વાર્તાસંગ્રહ; તરસ્યા મલકનો મેઘ (પન્નાલાલ પટેલ વિશે, 2007) એ ચરિત્ર તેમ જ સર્જક રાવજી પટેલ(2004) વગેરે વિવેચન-પુસ્તકો – એમ બહોળું લેખનકાર્ય એમણે કર્યું છે. સતત સર્જન-અધ્યયનદ્વારા એક ધ્યાનાર્હ નિત્યલેખક તરીકે એ પ્રતિષ્ઠિત છે. દસમો દાયકો અને પરસ્પર જેવાં સામયિકોનું સંપાદન પણ એમણે કરેલું છે.

ધનજી કાનજી સુવર્ણચંદ્રક, નર્મદ સુવર્ણ ચંદ્રક, ગુજરાત સાહિત્ય ગૌરવ પુરસ્કાર, સુરેશ જોષી નિબન્ધ પુરસ્કાર વગેરે ઘણાં પારિતોષિકો મેળવનાર મણિલાલનાં કવિતા-નિબંધ-નવલકથા-વાર્તામાં તળ જીવનની સંવેદના આકર્ષક સર્જકરૂપ પામી છે; પ્રકૃતિસૌંદર્યનો એમનો અનુરાગ સર્જનાત્મક આલેખનોમાં મહોરી રહેલો છે તથા કવિતામાં બદ્ધ વૃત્તો અને માત્રામેળો એમણે વિશદ પ્રવાહિતાથી આલેખ્યા છે – મણિલાલની સર્જકમુદ્રા રચવામાં આ ત્રણે ઘટકોનો મોટો ફાળો છે.

એમની સમગ્ર કારકિર્દી અભ્યાસી અધ્યાપક-લેખકની રહી – સ. પ. યુનિવર્સીટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે નિવૃત્ત થયા પછી પણ એ લેખન-સમર્પિત રહ્યા છે.

**— સર્જક-કૃતિ-પરિચય – રમણ સોની**

### વી-ગ્રંથ

‘એકત્ર’ના વી-ગ્રંથોમાં અમે પુસ્તકની માત્ર સામગ્રી(Text) જ પ્રગટ કરવાને બદલે વાચકને એમાં યોગ્ય રીતે પ્રવેશ કરાવીએ છીએ. શરૂઆતમાં પુસ્તકનું સચિત્ર આવરણ (cover) તેમજ લેખકનો ફોટોગ્રાફ, અને એ પછી લેખક અને પુસ્તકના ટૂંકા, સરળ પરિચયો પણ મૂકીએ છીએ – જેથી વાચક માટે એ રસપ્રદ બની રહે.

https://ekatra.pressbooks.pub/bhunsatagramchitro/

Ekatra Foundation

## Introduction

In 1929, Gujarat Vidyapidth published its first edition of સાર્થ ગૂજરાતી જોડણીકોશ, the Gujarati comprehensive dictionary. In the preface, Gandhiji wrote, "હવે પછી કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનોઅધિકાર નથી". This was the beginning of a new epoch for Gujarati.

In the early eighteen century, people on the Indian subcontinent spoke many more dialects than are spoken today. Most dialects, including Gujarati, did not qualify as "language" because they lacked definitive dictionary and formal grammar. At that time, written materials consisted only of manuscripts. With the introduction of the printing press, publishers of Gujarati books offered books in quantities never imaginable before. This formalized Gujarati as a one of the official languages of India, in a time where many other dialects did not make the technological transition and thus are now endangered or even extinct.

Now, in the 21st century, we are experiencing another such tectonic shift, a move from paper book to digital. We feel that any language that does not make this transition will be in danger of becoming extinct by 2050. However, communities that choose to participate in this digital revolution are at a great advantage, as ubiquitous accessibility becomes common.

Every electronic device – from mobile phones to automobiles — will hold literature in the digital form and it will be accessible to people worldwide.

## Mission

**"Preserve and spread Gujarati literature through digitization"**

In the Western world, a similar successful effort, Project Gutenberg, created over 40,000 free books in digital format and was instrumental in making e-Book reader ubiquitous. Instantly, thousands of books from Shakespeare to Agatha Christie became available to eBook readers at no charge. Over 1,000 million downloads of free ebooks have already occurred. Once Gujarati books are digital, they will be instantly available on eBook readers and readable via Kindle, iPad, Android tablets and smart phones. In the digital form they will be fully searchable with any search engine.

## Accomplishments

In a very short time, Ekatra picked up pace and involved numerous volunteers from across the world:

- Registered Ekatra Foundation as US not-for-profit organization
- Designed and test creation of ebook using both soft copy and physical books.
- Became the first entity to offer true digital Gujarati ebooks for free on the web, Kindle, iPad, Android tablets, Android smart phones, iPhone and regular computers.
- Built ebook conversion process. Ekatra created/obtained tools to convert proprietary fonts into Unicode, obtained access to Gujarati OCR, established standard ePUB template and created ePUB formatting guide to achieve efficient repeatable scalable process.
- Designed Ekatra Website and offer first 25 free books. Converted total of 50 books.
- Formed literary committee and selected 86 books for conversion. Received permission to convert 20 books.
- Received permission to offer over 50 books published by Lok-Milap Trust.
- Published 8 issues of bimonthly Gujarati e-digest, સંચયન.
- Established communication with leading Gujarati not-for-profit organizations including Gujarat Vidyapith, Gujarati Sahitya Parishad, Forbes Gujarati Sabha, Lok-Milap Trust and Gujarati branch of Wikipedia (વિકિસ્રોત).

## Goals

- Esablish Ekatra as the premier online Gujarati literature digital library.
- Offer 200 free ebooks on Ekatra's website.
- Offer the same on leading bookstores including Amazon, iBookstore, smashword.com and Flipkart.
- Publish 6 issues of સંચયન. Create awareness of the available Gujarati literary resources.
- Expand volunteer organization to support book conversion and proof reading tasks.
- Collaborate and share knowledge about digital books with other non-for-profit so they can also offer free digital books.

## Get Involved

While our volunteers are working on all fronts, we are seeking help with the following:

- Sourcing of selected books in physical or PDF form.
- Proofreading of OCR content
- Assistance in creating local Ekatra volunteer community

## Contact


Rajesh Mashruwala | mashru@ekatrafoundation.org

Atul Raval | atulraval@ekatrafoundation.org


**Ekatra Foundation is a not for profit organization exempt under section 501(c)(3).**

**It's Federal ID is 46-2153818.**

**Public Charity Status: 509(a)(1) & 170(b)(1)(A)(vi) • Effective Date of Exemption: April 24, 2013.**